# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.12 - Issue 5
May 2019
Price 12/-



**રાજયોગી બ્રહ્માકુમાર જગદીશભાઈજી**

**અવ્યકત સ્મૃતિ દિવસ ૧૨-૦૫-૨૦૦૧**



અમદાવાદ સુખશાંતિભવનમાં રાજયોગિની સરલાદીદીના જન્મોત્સવના પ્રસંગે આંખની સર્જન મેડીકલ ટીમ ડૉ.કૃણાલભાઈ, ડૉ.ભાર્ગવભાઈ, ડૉ.કવિશાબેન, પૂર્વ ACP ભ્રાતા વિનયભાઈ, લંડનના બ્ર.કુ.દિપ્તીબેન.



ગુજરાત ગ્લોબલ રીટ્રીટ સેન્ટર ખાતે બાબાના યોગરુમના ભૂમિપૂજન કાર્યક્રમમાં મુખ્ય પ્રશાસિકા દાદી જાનકીજી, રાજયોગિની સરલાદીદી, ટેકસાસના બ્ર.કુ.ડૉ.હંસાબેન, ડૉ. મુકેશભાઈ, બ્ર.કુ. અમરબેન..



વાંસદામાં નવનિર્મિત્ત સેવાકેન્દ્રનું ઉદ્‌ઘાટન કરતાં સંત રામકૃષ્ણદાસજી, શ્રીમંત મહારાજા જય વિરેન્દ્રસિંહજી, TDO ઈન્દુબેન, એડવોકેટ રાજેશભાઈ, યુવા રાજપૂત સમાજના અંબરીષભાઈ, બ્ર.કુ.ગીતાબેન.



નવસારીમાં કાર્યક્રમમાં 'આધ્યાત્મિક મેળા'માં શિવલીંગની આરતી કરતાં MLA ભ્રાતા પિયુષભાઈ દેસાઈ, એડવોકેટ ભ્રાતા સતીષભાઈ, બ્ર.કુ. ગીતાબેન તથા બ્ર.કુ. ભાનુબેન.



વડદરા સેવાકેન્દ્રના બ્ર.કુ. વર્ષાબેન 'પ્રભુ સમર્પણ સમારોહ'માં શુભસંકલ્પની પ્રતિજ્ઞા કરતાં, બાજુમાં MLA ભ્રાતા શૈલેષભાઈ, બ્ર.કુ. રાજબેન, બ્ર.કુ. ચંપાબેન તથા લૌકિક પરિવારજનો.



બાજવામાં 'એક શામ પ્રભુકે નામ' કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતાં ગુજરાત રિફાઈનરીના CGM અરુણકુમાર, GM ભ્રાતા પ્રશાંતભાઈ, ભ્રાતા પ્રમોદભાઈ, બ્ર.કુ.ડૉ. નિરંજનાબેન, બ્ર.કુ. ડિમ્પલબેન.



વડોદરા કારેલીબાગ ખાતે 'સ્વર્ણિમ સંસ્કૃતિ' કાર્યક્રમમાં બ્ર.કુ. ડૉ. જયંતભાઈ, મ્યુઝીક કૉલેજના ડાયરેકટર ભ્રાતા અષ્ટપુત્રાભાઈ, કૉરપોરેટર શકુંતલાબેન, ડૉ. પંકજભાઈ, બ્ર.કુ. સતીષભાઈ.



કોટડા સંગાણીમાં 'તન મન તંદુરસ્તી શિબિર'માં બ્ર.કુ. ભારતીબેન, કોટડા સંગાણીના સરપંચ ભ્રાતા અશોકભાઈ, મીડિયા રીપોર્ટર કલ્પેશભાઈ, રાજપરાના સરપંચ ભ્રાતા કિશોરભાઈ, બ્ર.કુ. તૃપ્તિબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૨ મે-૨૦૧૯ અંક : ૦૫

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**

## અમૃતસૂચિ


- અંતરમનમાં ડોકિયું ....................... તંત્રી સ્થાનેથી ..04
- અવ્યક્ત પાલનાની સુવર્ણજયંતી ........... બ્ર.કુ. સૂર્યભાઈ ..06
- અભિનંદન .............................................. ..08
- પ્રસન્નતાના પથ પર ..................... બ્ર.કુ. શિવાનીબેન ..09
- પરિવર્તન ........................................ બ્ર.કુ. શીલુબેન ..10
- દેવાસુર સંગ્રામ અને દેવ-ચરિત્ર .......... બ્ર.કુ. નલિનીબેન ..12
- દિવ્યદર્શન ...................................... બ્ર.કુ. નંદિનીબેન ..15
- આધ્યાત્મિક કન્યા શિક્ષણગૃહ .. ........... બ્ર.કુ. ચંદ્રવદન ..17
- વ્યર્થ વિચારવાયુનો વ્યાધિ છે ? ............... બ્ર.કુ. કિશોર ..20
- ગીતાના રચયિતા કે ભગવાન કોણ .... બ્ર.કુ. કાન્તિભાઈ ..22
- ગીત ............................................. બ્ર.કુ. ઊર્મિલાબેન ..24
- તંત્રીને પત્રો ........................................................ ..25
- ચિંતન .............................................. બ્ર.કુ. પિનાક ..26
- સ્વાસ્થ્યવર્ધક આદતો ......................................... ..28
- પ્રસંગ પરિમલ ...................................................... ..29
- સ્વદર્શન ચક્ર ................................ બ્ર.કુ. બાબુભાઈ ..30
- આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ........... બ્ર.કુ. ઊર્મિલાબેન ..31
- જન્મ-જીવન-જવાનું ......................... બ્ર.કુ. કેશુભાઈ ..32



### લવાજમના દર

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું

**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**

તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 079 - 2762 0866**



**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની સરલાદીદી**


### સ્થાનિક સેવાકેન્દ્ર


### આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

Account No. : **032910001801**

Bank Name : **Dena Bank, Pushpkunj Branch** IFSC Code : **BKDN0110329**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**

**Phone: 079 - 2543 1676, 2532 4360, 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

# તંત્રી સ્થાનેથી

# અંતરમનમાં ડોકિયું

આધ્યાત્મિક જ્ઞાનથી ભરપૂર ગીતોની પંક્તિઓ સાંભળતાં તેમાંથી આ પંક્તિઓ અંતર મનને સ્પર્શી ગઈ.

मुखडा देख ले प्राणी जरा दर्पन में

देखले कितना पुण्य है कितना पाप तेरे जीवन मे.

સાકારવાણીની આ પંક્તિઓ કેટલી પ્રેરણાદાયી છે. **રાજયોગી જીવન જીવતા બ્રહ્માવત્સોએ સતત અંતરમનમાં ડોકિયું કરવું પડે છે. સ્વયંનું અવલોકન, વિશ્લેષણ, પૃથક્કરણ, આત્મચિંતન કરવું પડે છે. સાધનાના ઊંચા શિખર ઉપર પહોંચવા માટે નિરંતર આ પુરુષાર્થ કરવો પડે છે.** ભક્તિમાર્ગ અને રાજયોગના જ્ઞાન માર્ગમાં ઘણું અંતર છે. ભક્તિમાર્ગમાં વૈરાગ્યનાં વસ્ત્રો પહેર્યા પછી, ત્યાગ કર્યા પછી સ્વચિંતન વિશેષ રહેતું નથી. સતત મળતાં માનશાન, પદ, પ્રતિષ્ઠાથી આપણે સ્વયંને સંપન્ન માની બેસીએ છીએ. જ્યારે રાજયોગના જ્ઞાન માર્ગમાં જ્ઞાનમાં ગમે તેટલાં વર્ષો થયાં હોય છતાં બાબા મિલન, ભઠ્ઠીઓ, તાલીમ કાર્યક્રમોમાં અગ્રેસર થવું પડે છે. ગમે તેટલા જૂના પુરાણા બ્રહ્માવત્સો હોય છતાં પણ તેને આમાંથી મુક્તિ મળતી નથી. ગમે તે કારણ બતાવી સ્વયં તેમાંથી મુક્તિ મેળવીએ તે જુદી વાત છે.

એક ઉદાહરણ આપું. આમંત્રિત ભાઈઓની ભઠ્ઠીમાં યજ્ઞનો વહીવટ કરનાર, મમ્મા, બાબાની પાલના લેનાર, પ્રખર વિદ્વાન, અનેક વિશેષતાઓથી સંપન્ન યજ્ઞનાં રત્નો એક આદર્શ વિદ્યાર્થીની જેમ શ્રોતાગણ તરીકે હાજર રહે છે. મંચ ઉપર ભિન્ન ભિન્ન આદરણીય દાદીઓ હોય. વર્તમાન સમયનાં દાદીઓ-દાદી જાનકીજી, દાદી હૃદયમોહિનીજી, દાદી રતનમોહિનીજી વગેરે હોય. આ વખતનું અદ્‌ભુત વાતાવરણ જોતાં મીઠા મીઠા બાપદાદા પણ પ્રસન્ન થતા હશે.

આપણે માયા રાવણની દુનિયામાં રહીએ છીએ. ગમે તેટલું ધ્યાન રાખીએ છતાં પણ મન, વાણી, કર્મથી સૂક્ષ્મ પાપો થઈ જતાં હોય છે. જેમ દરરોજ કચરોવાળીને ઘરમાં પોતું કરીએ છીએ તે રીતે અંતરમનમાં ડોકિયું કરીને **વિકારોના સૂક્ષ્મપ્રભાવને પણ મનન, મંથન, ચિંતન, જ્ઞાન યોગથી દૂર કરીને સ્વયંને સ્વચ્છ બનાવવા પડે છે. જ્ઞાનમાર્ગની વાતો ઘણી સૂક્ષ્મ, ગુહ્ય અને સાધનાપથની ઉન્નતિ માટે જરૂરી છે.**

જ્યારથી મીઠા બાબાએ આપણને દેહ અને આત્માની ભિન્નતા સમજાવી ત્યારથી દેહ અભિમાન કોને કહેવાય ? તે સમજતા થયા. મીઠા બાબાએ આત્માનુભૂતિ, પરમાત્માનુભૂતિ દ્વારા બ્રહ્માવત્સ જીવનનો પાયો મજબૂત બનાવ્યો. જેથી ગમે તેવાં તોફાનો, વિરોધ વંટોળોનો સામનો કરીને સ્વસ્થ રહેવામાં સફળ રહ્યા. **આપણે આર્થિક રીતે ગમે તેટલી સેવા કરતા હોઈએ, ભિન્ન ભિન્ન સેવાઓમાં અગ્રેસર હોઈએ છતાં માન, શાન, પદ, પ્રતિષ્ઠા, પ્રશંસા મેળવવાની કામના અંશ માત્ર પણ ના રહેવી જોઈએ.**

રહીમજીએ એમના દોહામાં સુંદર રીતે સમજાવ્યું છે.

सहज मिलै सो दूध सम, मांगा मिलै सो पानी,

कह रहीम वह रक्त सम जिसमें खींचातानी.

અર્થાત્ **'જે સ્વાભાવિક રીતે મળે છે તે દૂધ સમાન છે. માંગવાથી મળે તે પાણી સમાન છે. જે ખેંચતાણથી મળે તે રક્ત સમાન છે.'** બાબા

આપણી યોગ્યતા, સિદ્ધિઓ, સમર્પણને આધારે જે કંઈ પદ આપે તેમાં પ્રસન્ન રહેવું એ બ્રહ્માવત્સનું કર્તવ્ય છે.

આપણે ઘણાં વર્ષથી જ્ઞાનમાર્ગ ઉપર ચાલીએ છીએ. તેથી વિકારોને સ્થૂળ રીતે તો જીતી લીધા છે. આમ છતાં ફીલીંગ, હતાશા, નિરાશા, વ્યર્થ, નકારાત્મક ચિંતન, અહમ્ ભાવ જેવા સૂક્ષ્મ વિકારોને જીતવા જરૂરી છે. **સફેદ વસ્ત્રોમાં નાનકડો પણ કાળો ડાઘ હોય, તો તે તરત જ દેખાય છે. સૌનું ધ્યાન તેના તરફ જાય છે. તેથી મોહ, આસક્તિ, નામરૂપની બીમારી, સોનાની સાંકળથી મુક્ત થવું જરૂરી છે.** ઘણા ઉચ્ચસ્થાને બિરાજેલ, સિદ્ધિ સ્વરૂપ ગણાતા સાધકો પણ આ નબળાઈઓને કારણે પટકાય છે. તેની વહેલી મોડી પ્રત્યક્ષતા થાય છે. ધૂમાડા વિના આગ લાગતી નથી.

**જ્ઞાની, યોગી એને કહેવાય જેના જીવનમાં બાબાની મુરલી, યોગની ગહનતા, શ્રીમતનું સંપૂર્ણ યથાર્થ પાલન કરવામાં આવે.** કવિએ સુંદર કહ્યું છે.

'હરિનો મારગ છે શૂરાનો,
નહીં કાયરનું કામ જોને.'

**વર્ષોથી જ્ઞાનમાં ચાલવા છતાં જો દિવ્ય અનુભૂતિઓ ના થાય, સ્થિતપ્રજ્ઞની અવસ્થા ના બને, ખુશી અને ઉમંગ ઉત્સાહ ના જળવાય તો સત્ત્વરે અંતરમનમાં ડોકિયું કરવાની જરૂર છે.** જ્યારે સમાપ્તિ વર્ષનું જ્ઞાન થયું. બાબા મિલન દ્વારા અવ્યક્ત બાપદાદાની પાલનાનો પાર્ટ બદલાયો. આ સૌ ચેતવણીની સાયરન સમાન છે. **હવેનો સમય અવ્યક્તવાણીઓના અધ્યયન દ્વારા સ્વયંને સંપન્ન બનાવવાનો છે.** હવે તો બાબાની વાણી પુસ્તકો સ્વરૂપે મળે છે.

જાનકીદાદીજીની કેટલીયે વાતો ધ્યાન ખેંચનારી છે. દાદીજી તો ઉડતા ફરિશ્તા છે જ. 103 વર્ષ પૂરાં થયાં છતાં દેશ, વિદેશોમાં જઈને જે વરદાની સેવાઓ કરે છે તે અવર્ણનીય છે. **જેમણે સાકાર બાબા, મમ્માને જોયાં નથી. તેમના માટે દાદીજી આદર્શ, મહાન પ્રેરણાસ્ત્રોત છે. દાદીજી વર્તમાન સમયે બ્રહ્માવત્સોને પોતાની એકરસ અવસ્થા, કર્માતીત અવસ્થા તથા નષ્ટોમોહા સ્થિતિ બનાવવાની પ્રેરણા આપે છે.** જ્ઞાનયોગને અગ્રતાક્રમ આપે છે. વીતેલી વાતોને ભૂલવાનું કહે છે. જરૂર પડે ઈશારાઓ આપીને જે તે આત્માઓને કર્મોની ગહનગતિ તથા ડ્રામા પર છોડી દે છે. આવી આંતરરાષ્ટ્રીય મહાન સંસ્થાનાં વડા તરીકે તેઓ દેખાતાં નથી પણ ચૈતન્ય ફરિશ્તા સ્વરૂપે દેખાય છે. જે બ્રહ્માવત્સો અનાવશ્યક ભૌતિક સમૃદ્ધિની દોડમાં વ્યસ્ત છે તેમના માટે આ આંખ ઉઘાડવા જેવી વાત છે.

**સત્યપિતા પરમાત્માનો પરિચય મેળવવો અને સત્યના માર્ગે ચાલવું એમાં અંતર છે.** ગાંધીજી મહાનયોગી પણ હતા. **'મંગલપ્રભાત'** પુસ્તિકામાં એમણે જે વ્રતોની વાત કરી છે તે તેમના જીવનમાં, આચરણમાં હતાં. એમની આત્મકથા **'સત્યના પ્રયોગો'** સાધનાપથના યાત્રીઓ માટે પ્રેરણારૂપ છે. તેથી રાજયોગી જીવન સચ્ચાઈ, સફાઈવાળું અને પારદર્શક હોવું જરૂરી છે. આપણે સ્વયંને ગમે તે સમજીએ પણ અન્ય આત્માઓ પણ તેનાથી પ્રભાવિત થાય તે જરૂરી છે. સિકંદર વિશ્વ વિજેતા બનવા ભારતમાં આવ્યો હતો પણ છેલ્લે બધું છોડીને તેને ખાલી હાથે જવું પડ્યું.

અમૃતવેળાના યોગમાં બાબા અવનવા અનુભવો કરાવે છે. આપણે સૌ પદ્માપદ્મ ભાગ્યશાળી છીએ. પિતા પરમાત્માએ આપણને પસંદ કર્યા છે. આપણને આપણા પુરુષાર્થને આધારે દેવી દેવતાપદ આપી રહ્યા છે. સંગમનો આ

(અનુસંધાન પેજ નં. 21 પર)

# અવ્યક્ત પાલનાની સુવર્ણ જયંતી

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ



જે ભગવાનને ક્યારેક પોકારતા હતા, જેમના આવવાની રાહ જોતા હતા, તેઓ સ્વયં પહેલાં સાકાર પ્રજાપિતા બ્રહ્માના તનમાં આવીને આપણને અભિભૂત કર્યા. એમણે પરમપિતા, પરમશિક્ષક અને પરમસદ્ગુરુના ત્રણે રૂપોથી આપણી પાલના કરી. જેઓ સાકાર પાલના મેળવવામાં ભાગ્યશાળી બન્યા તે બ્રહ્માવત્સો કેટલી ખુશી અનુભવતા હશે.

1969માં જ્યારે બ્રહ્માબાબાએ અવ્યક્તરૂપ ધારણ કરી લીધું તો એમના સંપૂર્ણ ફરિશ્તાના રૂપમાં પ્રવેશ કરીને શિવબાબા પુનઃ દાદી હૃદયમોહિનીજીના તનમાં અવતરિત થવા લાગ્યા. જે ક્રમ આજ સુધી ચાલતો રહ્યો. એમણે રાજયોગની સૂક્ષ્મ સ્થિતિઓનું જ્ઞાન આપ્યું. એક-એક આત્માને વરદાન આપ્યાં. એ પાલનાનાં પચાસ વર્ષ પૂરાં થયાં. જેમણે પરમાત્માની દૃષ્ટિ લીધી અને વરદાનોથી પોતાની ઝોળી ભરી એ બ્રહ્માવત્સો ભાગ્યશાળી છે. આ પરમાત્મ કાર્ય 83 વર્ષોથી સતત ચાલતું રહ્યું છે. પહેલાં સાકાર, પછી અવ્યક્ત અને અત્યારે અતિ સૂક્ષ્મ પાલના.

### પરમાત્માને ધરા ઉપર અવતરણ કરતા જોયા

જ્યારે બ્રહ્માબાબા અવ્યક્ત થયા ત્યારે શરૂઆતનાં કેટલાંક વર્ષ બાપદાદા (શિવબાબા અને બ્રહ્માબાબા) સપ્તાહમાં બે વખત અવતરણ કરતા હતા. અમે એમને કેટલીયે વાર સાકારમાં અવતરણ કરતા જોયા. એમણે જ્ઞાનની ગંગા વહેવડાવી. સૃષ્ટિનાં સૂક્ષ્મ રહસ્યોને આપણી સમક્ષ ખોલ્યાં. જીવનમાં નિશ્ચિંત કઈ રીતે રહીએ તેની અનેક વિધિઓ સંભળાવી. તનાવમુક્ત, બેફિકર બાદશાહ બનવાનું રહસ્ય સમજાવ્યું. અધ્યાત્મની સર્વશ્રેષ્ઠ સ્થિતિ, સાક્ષીભાવમાં સર્વને સ્થિત કર્યા. જ્ઞાનની કોઈ એવી ગુહ્ય વાત એમણે બતાવી ના હોય એવું બન્યું નથી. 'જે બાપ સમગ્ર સંસારનો બોજ ઉઠાવે છે તે શું બાળકોનો બોજ નહીં ઉઠાવે.' આ વાક્ય કહીને સર્વના બોજ દૂર કર્યાં. જ્યારે હજારોની સભામાં આ વાત બાબાએ કરી તો એમના પ્રેમમાં સૌ મગ્ન થઈ ગયાં અને બોજમુક્ત બની ગયાં.

### મહાન આત્માઓ સાથે મિલન મનાવતાં જોયા.

તેઓ સર્વશક્તિવાન છે, ત્રિકાળદર્શી છે, નિરાકાર સૃષ્ટિના બીજ છે. સર્વના પરમપૂજ્ય ઈશ્વર છે. જ્યારે તેઓ ધરા પર આવતા હતા ત્યારે પોતાનું ભગવાનપણું પરમધામમાં મૂકીને પોતાના પરિવારની વચ્ચે આવતા હતા. મહાન આત્માઓની વચ્ચે આવતા હતા અને વારંવાર યાદ અપાવતા હતા કે હું તમારો નિરાકાર પરમપિતા છું. હું તમને મહાન આત્માઓને મળવા આવ્યો છું. હું મારા પરિવારમાં આવ્યો છું. આ સાંભળીને 25 થી 30 હજાર ભાઈ બહેનોની સભા પોતાના પરમપિતાના પ્રેમના તરંગોમાં લહેરાતી હતી. દરેકને એવો અનુભવ થતો હતો કે આજ તો બાબા પ્રેમના સાગર હતા. તેઓ મને ઘણો પ્રેમ આપી રહ્યા હતા. એક સાથે હજારો - હજારોને પ્રેમની અનુભૂતિ કરાવવી આ દિવ્યકર્મ માત્ર પ્રેમના સાગરનું જ હોઈ શકે છે.

### એમણે અમારાં સ્વમાનને જાગૃત કર્યાં.

એમણે અમારાં સ્વમાનને જાગૃત કર્યાં. અમે સર્વ કાંઈ ભૂલી ગયા હતા. માયાને વશ થઈ ગયા હતા. શાસ્ત્રોમાં આ વાતોનું એ શબ્દોમાં વર્ણન કર્યું છે કે બ્રહ્મા પણ ચિરનિદ્રામાં સૂઈ ગયા. વિષ્ણુજી પણ લાંબા સમય સુધી નિદ્રામાં લીન થઈ ગયા. આપણે જે મહાન આત્માઓ હતા તે ભૂલીને વિકારોની ગોદમાં અજ્ઞાનનિદ્રામાં સૂઈ ગયા હતા. ત્યારે આપણને શ્રેષ્ઠ સ્મૃતિઓની યાદ અપાવીને જગાડ્યા. એમણે કહ્યું, 'હે બાળકો, તમે સાધારણ નથી, દેવકુળના મહાન આત્મા છો. તમે ઈશ્વરીય શક્તિઓથી ભરપૂર માસ્ટર સર્વશક્તિવાન છો.'

### તમે શિવશક્તિ છો, આમ કહીને ઊંચા બનાવ્યાં

એમણે સ્મૃતિ અપાવી કે તમે શિવશક્તિ સેના છો. તમારા સુપ્રીમ કમાન્ડર સ્વયં સર્વશક્તિવાન છે. માયા ગમે તેટલી શક્તિશાળી હોય પણ તમારો વિજય નક્કી છે. આ સાંભળીને લાખો બ્રહ્માવત્સ કામજીત, ક્રોધમુક્ત, અહંકારથી મુક્ત અને મારાપણાથી મુક્ત થઈ ત્યાગી બની ગયા. જેમણે સન્મુખમાં ભગવાનની વાણી સાંભળી તેઓ ભાગ્યશાળી છે. તેઓ એમની અમૃતવર્ષામાં ભીંજાઈને પતિતમાંથી પાવન થઈ ગયા, અમર થઈ ગયા. પરમાત્માની પ્રેમદૃષ્ટિ મેળવીને સ્વયંને ધન્ય બનાવી દીધા. જ્યારે તેઓ દૃષ્ટિ આપતા હતા તો કોઈ કોઈ તો વિઘ્નોથી મુક્ત થઈ જતા હતા. કોઈ બીમારીઓથી મુક્ત થઈ જતા હતા. કોઈ અશરીરી બનીને ગહનશાંતિની અનુભૂતિમાં મગ્ન બની જતા. જેઓએ આવા અનુભવો કર્યા એમનું સૂતેલું ભાગ્ય જાગી જતું હતું.

### શાંતિના સાગરથી ગહનશાંતિની અનુભૂતિ

અમે જોયું છે કે 30 હજારની સભામાં એમનું અવતરણ થતું હતું તો ચારેબાજુ ગહનશાંતિ છવાઈ જતી હતી. બધાંનાં મન નિ:સંકલ્પ બની જતાં હતાં. જ્યારે તેઓ દૃષ્ટિ આપતા હતા તો અનેક આત્માઓને એમની પાસેથી વરદાન મળી જતાં હતાં. કોઈને યોગીભવ, કોઈને નિર્વિઘ્ન ભવ, કોઈને વિજયીભવનું વરદાન મળ્યું, તો કોઈ સદાના માટે પવિત્ર બની ગયા. એક સુંદર મહાવાક્ય છે. **માસ્ટર સર્વશક્તિવાનના નશામાં જે બાળકો રહે છે તેમની પાસે વિઘ્નો કે સમસ્યાઓ આવી શકતાં નથી. સફળતા એમની આગળ પાછળ આંટા મારે છે.** આ વાતો સાંભળીને અમે ઘણા શક્તિશાળી અને નિશ્ચિંત થઈ ગયાં.

### વણઉકલેલા કોયડાને ઉકેલ્યો

કેટલાંક એવાં રહસ્યો છે. જેને મનોવિજ્ઞાની પણ ઉકેલી શકતા નથી. બાબાએ કહ્યું તમે સવારે 3 થી 4 સુધી ઈચ્છો એટલું મિલન મારી સાથે મનાવી શકો છો. હું પરમ સદ્‌ગુરુ ભોળાનાથ બનીને બેસું છું. મારી પાસેથી જે ઈચ્છો છો તે મેળવી શકો છો. આનો અનુભવ લાખો યોગી આત્માઓએ કર્યો.

### વરદાની સ્વરૂપની યાદ અપાવી

એમણે અમને વરદાની સ્વરૂપની યાદ અપાવી અને એક સુંદર પ્રેક્ટીસ કરાવી કે રોજ સવારે ઉઠીને સંકલ્પ કરો કે મારી સાથે સર્વ કાંઈ સારું થશે. ઉઠતાં જ ત્રણ સ્મૃતિઓનું તિલક કરો કે હું વિજયી રત્ન છું, નિર્વિઘ્ન છું, સફળતામૂર્ત છું. અનેક આત્માઓએ અનુભવ પણ કર્યો કે આ ત્રણ વાતો જીવનમાં વરદાન બની ગઈ.

### એમના જેવા શિક્ષક બીજા કોઈ નથી.

એમણે આપણને આપણા શ્રેષ્ઠ ભાગ્યની યાદ અપાવી કે તમે સવારે ઉઠીને વિચારો કે મારા

જેવું ભાગ્યવાન બીજું કોઈ નથી. હું આત્મા ઘણો સુખી છું. ઘણો ધનવાન છું અને આ યાદ કરીને ખુશીમાં નર્તન કરો. એનાથી તમારું સુષુપ્ત ભાગ્ય જાગી જશે. તમે સ્થૂળધનથી પણ સંપન્ન બની જશો. તમારા સુખોના દિવસો શરૂ થશે. આ છે પરમશિક્ષકનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ શિક્ષણ. એમના વગર બીજું કોઈ આવું શિક્ષણ આપી ના શકે.

### જન્મ જન્મની કામનાઓ પૂરી થઈ

આ 50 વર્ષોમાં એમણે અનેકોને મહાન યોગી બનાવીને આવનારા મહાપરિવર્તનના સમયમાં સર્વને મદદ કરવા માટે તૈયાર કર્યાં. કેટલાંયને સંપૂર્ણ પવિત્ર બનાવીને કલિયુગની ગાઢ રાત્રિમાં પૂર્ણિમાની જેમ ચમકાવી દીધા. કરોડો મનુષ્ય આત્માઓએ નવી અને સહજ તનાવમુક્ત બનવાની કળા શીખી. એમને સામે બેઠેલા જોઈને અનેકોની જન્મ જન્મની કામનાઓ પૂર્ણ થઈ. આ અનુભૂતિ પરમાત્મા સિવાય કોઈ કરાવી ના શકે.

### જરા પણ કલ્પના નહીં, સર્વ કાંઈ પરમ સત્ય

મેં એમને આ ધરા ઉપર અવતરિત થતાં હજારોવાર જોયા. મારું જીવન એમની આ અવ્યક્ત પાલનાથી ધન્ય ધન્ય થઈ ગયું. આમાં જરા પણ કલ્પના નથી. સર્વ કાંઈ પરમ સત્ય છે. એમણે દિવ્ય બુદ્ધિ આપી. સંકલ્પોને મહાન બનાવી દીધા. દૃષ્ટિમાં અલૌકિકતા ભરી દીધી. સર્વ વિકારોને મૂળ સહિત નષ્ટ કર્યા અને આ અલૌકિક જીવનમાં પવિત્રતાની સંપૂર્ણ શક્તિ અર્પી દીધી. મેં આ સર્વ મારી આંખે જોયું છે. અલૌકિક બુદ્ધિથી અનુભવ કર્યો છે. માત્ર ભાવના જ નથી. એમની પાલના મેળવીને જીવન પ્રસન્નતાસભર બની ગયું. ક્યારેક ક્યારેક એ વિચારીએ છીએ કે તેનું રીટર્ન (બદલો) આપણે ચારેય યુગોમાં આપી નહીં શકીએ. હવે તો એક જ સંકલ્પ આવે છે કે પરમાત્માએ આપણને જેવી પાલના આપી છે તેવી પાલના અન્યને પણ આપીએ. ॥ **ઓમશાંતિ** ॥



## અભિનંદન

બ્રહ્માકુમારી શિવાની, આપ એક પ્રેરક વક્તા છો, શિક્ષક છો. માનવ વ્યવહાર સંબંધિત આપના કાર્યક્રમોએ લાખો લોકોનું જીવન બદલ્યું છે.

આપની અજોડ સિદ્ધિઓ બદલ આપને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે (તા. 08-03-2019) નારી શક્તિ પુરસ્કાર - 2018 આપી ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી રામનાથ કોવિંદે આપનું સન્માન કર્યું છે.

બ્રહ્માકુમારીઝ સંસ્થા, શુભેચ્છકો, જ્ઞાનામૃતના વાચકો આપને લાખ લાખ અભિનંદન પાઠવે છે.

॥ ઓમશાંતિ ॥

### પ્રસન્નતાના પથ પર

# સ્વયંને ઉન્નત બનાવવા તે સૌથી મોટી સેવા છે.

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



સવારે જ્ઞાનનો ખોરાક લેવા માટે ઓછામાં ઓછો અડધો કલાક પોતાના માટે ફાળવવો જોઈએ. જ્ઞાનનો ખોરાક લીધો. પંદર મિનિટ યોગ અભ્યાસ કર્યો. એનો અર્થ એ કે મેં જે જ્ઞાનનો ખોરાક લીધો તેથી મારે મારા કાર્ય વ્યવહારમાં કઈ રીતે રહેવું તે ભાવના છે. આટલા સમયમાં મેં મારી જિંદગીને ઉન્નત બનાવી. આખો દિવસ સૌની વચ્ચે બહાર ગયા. આપણી ફ્રિક્વંસી ક્યાં છે ? ઉપર. જો આપણી સાથે થોડી લોઅર (નીચલી) ફ્રિક્વંસી પર હશે તો આપણે એમના તરફ ખેંચાઈને જઈશું નહીં. આપણે એમને ઉપર (ઉન્નતકક્ષા) લઈને જઈશું. તો તેનું આપણે દરરોજ નિરીક્ષણ કરવાનું છે. તેથી મન સાત્ત્વિક રહેશે. જો એક મહીના સુધી જ્ઞાન-યોગનો અભ્યાસ કરીશું તો આપણા વિચારોમાં સાત્ત્વિકતા આવશે. એટલી પવિત્રતા આવશે કે તેની સામે કોઈ વાતો ટકી શકશે નહીં. કોઈ પરચિંતન થશે નહીં. ભવિષ્યની કોઈ ચિંતા રહેશે નહીં. તેથી દરેક કામ જલદીથી થશે. આ અનુભવ પછી એવું લાગશે કે આપણે સમય કાઢવો નહીં પડે. સમય મળશે. જ્યારે આપણી ફ્રિક્વંસી ઊંચી હશે તો દરેક કાર્ય જલદીથી થશે. આવનાર સમયને ધ્યાનમાં રાખીને આધ્યાત્મિક પુરુષાર્થ કરવો પડશે. બહાર હવા પ્રદૂષિત હશે. ગુસ્સો જો ઓછો ના કર્યો તો તેમાં વધારો થશે. તનાવ દૂર ના કર્યો તો તે વધુ વધશે. દર્દ દૂર ના કર્યું તો વધતું જશે. આપણે એ દૂષિત હવામાં રહેવું પડશે. એનો અર્થ એ કે આપણે કળિયુગના કામળામાં રહેવું પડશે. તેનાથી મુક્ત થવા માટે દરરોજ આપણે ઉન્નત રહેવું પડશે. જો અત્યારથી જ સ્વયંને ઉન્નત બનાવીએ છીએ તે મોટી સેવા છે. જ્યારે વિમાનમાં હોઈએ છીએ ત્યારે સલામતીની કઈ સૂચનાઓ આપવામાં આવે છે ? કંઈક થયું તો સૌ પ્રથમ ઓક્સિજન માસ્ક પહેરવાં પડે છે. કોણે પહેરવાં પડશે ? આપણે. તો સૌથી પહેલાં કોની સેવા કરવાની છે ? આપણી. સ્વયં પર ઓક્સિજન માસ્ક લગાવ્યા પછી અન્ય લોકોને લગાવી શકીશું.

દરેક ઘરમાં સતયુગી આત્મા હોવો જોઈએ. જેણે ઘરને ઊંચા વાયબ્રેશનમાં લઈ જવાની જવાબદારી ઉઠાવવાની છે. જો એક ઘર ઉન્નત બનશે તો બાકીનાં ઘર પણ ઉન્નત બનશે. પણ લોકો એટલું જ વિચારે છે કે મારે મારું ઘર સંભાળવાનું છે. આપણે ઉન્નત સ્થિતિમાં રહેવા માટે સાત્ત્વિક ધન, સાત્ત્વિક અન્ન, સાત્ત્વિક મન બનાવવાં પડશે. સવારે સવારે (આઠ પહેલાં) અખબાર, ટી.વી., સમાચાર, ફોન, દુનિયાના સમાચારોથી મુક્ત રહેવું જરૂરી છે. કલિયુગી સમાચારો વાંચશો તો મન કલિયુગવાળું બની જશે. સવારે સવારે જ્ઞાન-યોગ-આધ્યાત્મિક શિક્ષણ લેશો, તો મન સતયુગવાળું બની જશે. આપણે સર્વવ્યવહારોમાં કેરફુલ રહેવું પડશે. જ્યારે વ્યર્થથી મુક્ત બનીશું ત્યારે જ સમર્થ બની શકીશું.

॥ ઓમશાંતિ ॥

# પરિવર્તન

## બી.કે. શીલુબેન, માઉન્ટ આબુ



સંસાર પરિવર્તનશીલ છે. અહીં દરેક પળે બદલાતા જતા પરિવેશ અને વિજ્ઞાનની આશ્ચર્ય પમાડે તેવી શોધોથી ભૌતિક પ્રગતિ તો થઈ રહી છે. પરંતુ દુ:ખની વાત એ છે કે ભૌતિક પ્રગતિની સાથે સાથે ચરિત્રનું પણ પતન થઈ રહ્યું છે. બહારથી પ્રગતિ અને અંદરથી પતન. આ કેવું અનુકરણ છે. જેમ કોઈ વ્યક્તિ શારીરિક સૌન્દર્યની વૃધ્ધિ માટે પોતાનો સમય, ધન તથા શક્તિ લગાવી દે છે. પરંતુ એના અંતરમાં આત્માની શક્તિ ઘટતી જાય તો એના જીવનનું કોઈ મૂલ્ય રહેતું નથી. આ રીતે આ સંસારમાં બાહ્ય સુંદરતા દિન પ્રતિદિન વધતી રહી છે. વિજ્ઞાનના ચમત્કારથી દુનિયાની સુંદરતા વધતી રહી છે. પરંતુ એના અંદરની સુંદરતા ઘટતી ગઈ છે. કોઈ વસ્તુનો ઉપયોગ કરવાથી ઘણું સુખ મળે છે. પરંતુ એ સુખ અને આનંદ અલ્પકાળનો હોય છે. સદાકાળનું સુખ અને મનની શાંતિ માત્ર અંદરના આત્માના ચરિત્રનો ઉધ્ધાર કરવાથી જ મળી શકે છે.

### સ્વ પરિવર્તન - પહેલી આવશ્યકતા

આજના આ દૂષિત સંસારમાં ચરિત્રનું ઉત્થાન કરવું તે એક મહાન કાર્ય છે. પણ ચરિત્રનું ઉત્થાન કઈ રીતે થાય ? ચરિત્રનું ઉત્થાન થાય તેમ તો સૌ કોઈ ઈચ્છે છે પણ બીજાઓ માટે આ ઈચ્છા રાખે છે પણ એ વખતે એવું સમજતા નથી કે મારે પણ ચરિત્ર ઉત્થાન કરવાનું છે. એક વિદ્યાર્થી ઈચ્છે છે કે મારા શિક્ષક સારા હોય અને શિક્ષક એવું ઈચ્છે છે કે મારા વિદ્યાર્થી સારા હોય. મા-બાપ ઈચ્છે છે કે અમારાં બાળકો સારાં હોવાં જોઈએ અને બાળકો ઈચ્છે કે અમારા માતા-પિતા સારાં હોવાં જોઈએ. જનતા કહે છે કે અમારા નેતા સારા હોવા જોઈએ અને નેતા કહે છે જનતા સારી હોવી જોઈએ. હવે પ્રશ્ન એ જન્મે છે કે પહેલાં કોણ સારું બને ? કહેવાય છે ‘જો ઓટે સો અર્જુન.’ પરિવર્તન કરવામાં જે પહેલો આવે તે સાચો અર્જુન છે અને એ અર્જુન ઈશ્વરને પ્રિય છે. તે અર્જુન પરમાત્માની નિકટ છે. તે અર્જુન ઈશ્વરની આજ્ઞાનું પાલન કરે છે, તો એવા અર્જુન આપણે બનવાનું છે. આપણે જ સ્વપરિવર્તન કરવાનું છે. જો સ્વપરિવર્તન નહીં કરીએ તો ઉન્નતિ પણ થશે નહીં કારણ કે સ્વઉન્નતિ જ સ્વપરિવર્તનનો આધાર છે. સ્વ પરિવર્તન માટે બીજાઓને નહીં સ્વયંને જુઓ. જ્યારે આપણે કોઈની તરફ એક આંગળી ઉઠાવીએ છીએ તો એ સમયે આપણી સામે ત્રણ આંગળીઓ હોય છે. એટલે એ નક્કી છે કે કોઈ દોષિત છે તો તેની તુલનામાં હું ત્રણ ઘણો દોષિત છું. તો મારે ત્રણ ગણું બદલાવું જોઈએ. એટલે કહેવાય છે કે સ્વપરિવર્તનથી વિશ્વ પરિવર્તન.

પરિવર્તન તો જગતમાં થઈ જ રહ્યું છે. એ પરિવર્તનને આપણે રોકી શકતા નથી. પણ અંદરનું પરિવર્તન નહીં કરીને માત્ર બહારના પરિવર્તન તરફ આકર્ષિત થતા રહીશું તો સમય આપણને નષ્ટ કરી દેશે. જો આપણે સંસારનું પરિવર્તન કરવા ઈચ્છીએ છીએ તો પહેલાં આપણે સ્વયંનું પરિવર્તન કરવું પડશે. સંસારનું પરિવર્તન કરવા માટે સમયનું પરિવર્તન કરવું જોઈએ અને સમયના પરિવર્તન માટે સ્વયંનું પરિવર્તન જોઈએ.

આમેય સંસાર બદલાય રહ્યો છે. પણ સમય અનુસાર બદલાય રહ્યો છે. આપણે સ્વયંમાં પરિવર્તન કરીને સમયને નિકટમાં લાવવાનો છે. ત્યારે જ સંસાર પરિવર્તન શક્ય બનશે.

સ્વ ઉન્નતિ કરવા માટે આપણે સ્વયંને જોવાના છે. બીજાઓને જોઈને પોતાનો સમય વ્યર્થ ના ગુમાવીએ. પોતાના પરિવર્તનને રોકી દેશો નહીં. જ્ઞાનમાર્ગમાંથી કોઈ ખરાબ આદતમાં ફસાઈ ગયો છે. તે મારો મિત્ર છે, તો શું મારે પણ ખરાબ આદતમાં ફસાઈ જવું ? આવું કદી વિચારશો નહીં.

પડવામાં કોઈ મહેનત પડતી નથી. ચઢવામાં (ઊર્ધ્વગમનમાં) મહેનત પડે છે. આજે દુનિયામાં સંગદોષ અને અન્નદોષ આ બે પ્રકારના એવા દોષ છે જે મનુષ્યના પતનમાં મુખ્ય ભૂમિકા નિભાવે છે. મનુષ્ય એના આકર્ષણમાં આવીને પોતે સર્વનાશ કરી રહ્યો છે તે ભૂલી જાય છે. અત્યારે સ્વયંને ઓળખવાનો સમય છે, પરમાત્માને ઓળખવાનો સમય છે. પરમાત્માને ઓળખીને જે ઊચિત છે તે જ કરો. આજનું કામ કાલ ઉપર ના છોડશો. કેટલાક લોકો વિચારે છે કે પરિવર્તનની વાતો વૃદ્ધ લોકો માટે છે. સ્વયંને પૂછો કે વૃદ્ધાવસ્થા સુધી જીવીએ તેની કોઈ ગેરંટી છે ? આજે તો અકાળે મૃત્યુનું વાતાવરણ છે એટલે જે કરવાનું છે તે અત્યારે જ કરો. ભવિષ્ય ઉપર છોડશો નહીં.

આમેય આ સૃષ્ટિ અંતિમ શ્વાસ લઈ રહી છે. પ્રાણવાયુના સહારે ચાલી રહી છે. આજે એક સમસ્યા, કાલે બીજી કોઈ સમસ્યા, મૃત્યુ તો માનવ માટે ટાંપીને બેઠું છે.

## પરિવર્તન કઈ રીતે કરીએ

પરિવર્તન કરવા માટે વિચારો, મારે જ પહેલાં પરિવર્તન કરવાનું છે. આજે પરિવર્તન માટે પહેલા હું એમ કહેતા નથી પણ લોભવશ જ્યાં અધિકારની વાત આવે છે ત્યાં પહેલાં 'હું' કહીએ છીએ. જ્યારે પિતા જીવિત હતા ત્યારે કોઈ પુત્ર એમની પાસે જતો નહોતો પણ જ્યારે મૃત્યુ પામ્યા ત્યારે અધિકાર મેળવવા માટે ત્યાં હાજર થઈ કહેવા લાગ્યા પહેલાં મારો અધિકાર છે. પિતા ઘણો સમજદાર હતો એમણે ટ્રસ્ટ બનાવી તેના માટે વીલ કર્યું હતું. પુત્ર માટે નહીં. તેની અગમચેતીને કારણે એનું સમગ્ર ધન સેવામાં લાગી ગયું. માનવ જે કર્મ કરે છે તેનું ફળ તો તેને મળે છે. આપણે ફળ મેળવવા ઈચ્છીએ છીએ પણ બીજ વાવતા નથી તો ફળ કઈ રીતે મળશે ?

## સ્વપરિવર્તનથી વિશ્વ પરિવર્તન

આજે દુનિયામાં લોકો વિશ્વશાંતિની વાત કરે છે. કેટલાક લોકો તો એમ કહે છે કે શાંતિ જેવી કોઈ ચીજ જ નથી. બીજી બાજુ લોકો શાંતિ માટે પોકાર કરે છે. શાંતિ માટે વિશ્વશાંતિ સંમેલન કરીએ છીએ, યજ્ઞ કરીએ છીએ. વિશ્વશાંતિ લાવવા માટે સ્વયંમાં શાંતિની જરૂર છે. વ્યક્તિગત શાંતિ માટે મનનું પરિવર્તન જરૂરી છે. તેના માટે સ્મૃતિનું પરિવર્તન જોઈએ. દૃષ્ટિનું, બોલનું, સંસ્કારોનું, પરિવર્તન જોઈએ. કર્મનું પરિવર્તન જોઈએ. તો સ્મૃતિ, દૃષ્ટિ, બોલ, કર્મ અને સંસ્કાર આ પાંચે વાતોના પરિવર્તનના આધારે સ્વપરિવર્તન કરી શકીએ છીએ. મનની સ્થિતિને શ્રેષ્ઠ બનાવવા માટે સૌ પ્રથમ સ્મૃતિનું પરિવર્તન જોઈએ. સ્વયંને દેહ ના જોતાં સ્મૃતિ રાખો કે હું એક આત્મા છું. આ સ્વયંનું બહુ મોટું પરિવર્તન છે. વિશ્વ પરિવર્તનનું કાર્ય વિશ્વના રચયિતા, વિશ્વના માલિક, સંસારને ચલાવનારા, વિશ્વના દાતા, ભાગ્યવિધાતાનું દિવ્ય અને અલૌકિક કર્તવ્ય છે.

॥ ઓમશાંતિ ॥

# દેવાસુર સંગ્રામ અને દેવ સાહિત્ય

બ્ર.કુ. નલિનીબેન, ઘાટકોપર, મુંબઈ



ઘણાં દિવસો થયા, એક ચિંતનશીલ આધ્યાત્મિક પુરુષે અમને કંઈક આ પ્રકારના શબ્દો કહ્યા હતા - "All our Religious Books are War Books and All our Avatars are Warriors" અવતારો અને દેવતાઓના ચરિત્રોની વિસંગતિઓથી ભારતનું સમસ્ત ધાર્મિક અને દાર્શનિક સાહિત્ય ભરપૂર છે. આ વિસંગતિઓ એટલી વિચિત્ર, એટલી વિવિધ અને એવી પરસ્પર વિરોધી છે કે શાસ્ત્રકારોએ દેવગણની સફાઈમાં કહેવું પડ્યું કે 'દેવતાઓના ચરિત્રોનું મનુષ્યોએ અનુકરણ કરવાનો પ્રયત્ન નહિ કરવો જોઈએ.'

ધાર્મિક અને દાર્શનિક સાહિત્ય અને દેવચરિત્રોના પત્રમાં બીજી પ્રભાવશાળી વાત તેમનું પ્રતીકાત્મક તથા આત્મવાદી વિશ્લેષણ છે. આ વિશ્લેષણમાં વ્યક્તિઓ, ઘટનાઓ અને ચરિત્રોના સ્વરૂપ એકદમ બદલી નાખવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે ગીતાના 'ધર્મક્ષેત્રે કુરૂક્ષેત્રે'ને જીવનના કાર્યક્ષેત્રમાં સત્ અને અસત્ પ્રવૃત્તિઓના સંઘર્ષ અથવા દ્વન્દ્વના રૂપમાં ચિત્રિત કરવા માટે મહારથીઓ અને યોદ્ધાઓને જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો, પ્રવૃત્તિઓ વગેરે રૂપમાં પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. એવી જ રીતે દેવતાઓને દિવ્ય પુરુષ બતાવીને એવો કંઈક અભિપ્રાય સ્થિર કરવામાં આવ્યો છે કે આ મહાન આત્માઓ નિ:સંગ મન અથવા ઉચ્ચતર મન (detached mind or higher mind) થી કર્તવ્યપરાયણ હતાં, તેથી તેઓ કર્મબંધનોથી લેપાયમાન ન થતાં તેમના કર્મો ખરેખર અકર્મ થઈ જતા હતા.

વિશ્વમાં ભારતીય દર્શન અને જ્ઞાનની સર્વોચ્ચતાને પ્રશંસવામાં આવે છે એ વિશે કોઈ બેમત નથી. જગતના શ્રેષ્ઠ બૌદ્ધિકોએ આપણાં પ્રતીકાત્મક વિશ્લેષણોનો જરૂર સ્વીકાર કર્યો છે, એ વાત સાચી છે. પરંતુ વિશ્વની સામાન્ય પ્રજા અને ખાસ તો યુવાવર્ગ દાર્શનિક અને જ્ઞાનયુક્ત વિશ્લેષણોને માત્ર બુદ્ધિ-વિલાસ કહીને તેઓનો સ્પષ્ટ ઈન્કાર - અસ્વીકાર કરે છે. આવી વિષમ અને સ્ફોટક પરિસ્થિતિમાં ભારતના 'અવતારી પુરુષો' દેવો અને દેવી-દેવતાઓના ચરિત્રોને ઈતિહાસની કસોટી પર ખરા સાબિત કરીને જ આપણે જનસમાજના ચારિત્રિક ઉત્થાન તથા કલ્યાણની કંઈક આશા રાખી શકીએ.

## પરમાત્માના દિવ્ય અવતરણનો સમય

બધી વાતો પર વિચાર કર્યા પછી ભારતના દેવી-દેવતાઓ અને એમના સતયુગી દૈવી સમાજ સંબંધમાં જે ઈતિહાસ-સંમત અને મર્યાદાપૂર્ણ સૂત્રો નીકળે છે તેને ટૂંકમાં આ રીતે મૂકી શકાય -

● દેવતાઓએ કદી કોઈ હિંસાત્મક યુદ્ધ નહોતા કર્યા. એમની સાથે અસુરોનું જે યુદ્ધ બતાવવામાં આવ્યું છે અને વર્ણન કરવામાં આવ્યું છે, તે એમના આત્માઓએ માયાના પાંચ મુખ્ય વિકારો અને અનેકાનેક - અસંખ્ય કુપ્રવૃત્તિઓ પર વિજય પ્રાપ્ત કરવાનું જ પ્રતીકાત્મક વર્ણન છે.

● 'શક્તિઓ' પણ ઇતિહાસની હસ્તીઓ છે અને શ્રીકૃષ્ણ તથા શ્રીરામ વગેરે પણ ઇતિહાસ-

પુરુષો છે. પરંતુ તેઓ ભગવાનના અવતારી પુરુષો નથી, કારણ પરમાત્મા તો માત્ર એક છે અને તે નિરાકાર શિવભગવાન છે.

● ઈતિહાસની જે પણ સામગ્રી સુલભ છે તેના આધારે માનવ કોઈપણ ઈતિહાસ 5000 વર્ષથી અધિક કોઈપણ રીતે નથી બનતો, તેથી વિવેકવાન પુરુષોએ પૌરાણિક કલ્પનાઓને એક બાજુએ મૂકીને કલ્પની 5000 વર્ષની અવધિ સ્વીકારીને તે સીમામાં સૃષ્ટિચક્રનું વિવેચન કરવું જોઈએ.

● આજથી એકાદ હજાર વર્ષ પહેલાં ન તો સેના જેવી કોઈ ચીજ હતી ન તો શસ્ત્રાસ્ત્ર નામની કોઈ વસ્તુ હતી. હા, બરોબર 5000 વર્ષ પહેલાં ભયંકર સંહારાસ્ત્ર અને વિશાળતમ સેનાઓ હોવાનું વર્ણન મળે છે અને કેમ કે આ વિવરણો વર્તમાન સમયના સૈન્ય-સંગઠનો સાથે શત-પ્રતિશત અને આબેહૂબ સામ્યતા ધરાવે છે, **તેથી એ સીધીસટ વાત માનવામાં કોઈને કશો વાંધો નહિ હોવો જોઈએ કે તે જ મહાભારત તે જ ગીતા-પ્રકરણ, તે જ શક્તિ-અસુર સંગ્રામ અને તે જ રામાયણ-કાંડ આજે ફરીથી યથાવત્ પુનરાવૃત થઈ રહ્યા છે !** સાથો સાથ એ પણ માની લેવું જોઈએ કે આ ત્રણેય પૌરાણિક અને પ્રાગૈતિહાસિક સંગ્રામો વસ્તુતઃ એક જ આધ્યાત્મિક સંગ્રામનું વિવિધ પ્રકારે કરવામાં આવેલું અવલોકન છે.

● સારાંશપૂર્વક કહીએ તો આત્મનિષ્ઠ બનીને પાંચ વિકારો પર વિજય પ્રાપ્ત કરનારા જે માનવઆત્માઓ છે તેમને જ શક્તિઓ, પાંડવો, મહાવીર વગેરે રૂપોમાં માન્યતા પ્રાપ્ત થવી જોઈએ.

ભારતમાં જે લોકો દેહીઅભિમાની નથી બની શકતા અને દેહઅભિમાનથી ગ્રસિત થઈ માત્ર પશ્ચિમનું આંધળુ અનુકરણ કરી રહ્યા છે, તેમને કૌરવોની સંજ્ઞાથી નવાજવા જોઈએ, અને યુરોપ-અમેરિકાના જે યુદ્ધોન્માદી તથા દેહ-અહંકારવાદી લોકો બે મુખ્ય જૂથોમાં વિભાજીત છે, તેમને જ યાદવોના રૂપે સ્વીકારવા જોઈએ કે જેઓ વિશ્વમાંથી સમસ્ત સેનાઓ અને સમગ્ર શસ્ત્રાસ્ત્રોનો એકસામટો વિનાશ કરી નાખવા માટે, પરસ્પર લડવા માટે, ટાંપીને બેઠા છે !

આ સાથે જ એક વિશેષ વાત તરફ પણ ધ્યાન આપવું જરૂરી છે. જે બુદ્ધિમાન અને આધ્યાત્મિક પ્રવૃત્તિની વ્યક્તિઓએ પોતાનો વિવેક ગુમાવ્યો નથી. એમની એવી સ્પષ્ટ ઘોષણા છે કે વર્તમાન સમયે દુનિયામાં પરમાત્માનું દિવ્ય અવતરણ અને અલૌકિક-લોકોત્તર કર્તવ્ય-સંપાદનનો સમય છે, કારણ કે પૃથ્વી પર વિસ્તરેલા વિશાળ માનવસમાજને સમગ્ર વિષમતાઓમાંથી ઊગારવા માટે હવે એકમાત્ર પરમાત્મા જ સમર્થ છે ! એટલું જ નહિ સંસારના માલિક તરીકે પોતાની એ જવાબદારી નિભાવવા માટે એ પરમપિતા આજે ફરીથી આપણી સમક્ષ પધાર્યા છે.

દુનિયામાં પરમાત્માની હાજરી અને પરમશિક્ષક - સતગુરુ તરીકેના કર્તવ્ય - સંપાદન અંગે ધ્યાન પર લેવા યોગ્ય વાતો આ મુજબ છે -

● પરમાત્મા એક છે અને નિરાકાર છે અને તેથી કોઈપણ શરીરધારી આત્માને પરમાત્મા માની શકાય પણ નહિ અને કહી શકાય પણ નહીં.

● વિશ્વમાં ભારત જ એકમાત્ર એવો દેશ છે જ્યાં સ્વયં નિરાકાર શિવ પરમાત્માનું દિવ્ય-અલૌકિક અવતરણનું ગાયન-પૂજન થાય છે. તેથી વર્તમાન સમયે ભારતભૂમિમાં આ પરમપવિત્ર અવિનાશી ખંડમાં પ્રજાપિતા બ્રહ્માના સાકાર

તનમાં નિરાકાર શિવ પરમાત્માનું અવતરણ આપોઆપ સિદ્ધ થઈ જાય છે.

જોકે માત્ર અન્ય ધર્મોના ગ્રંથોમાં જ નહિ, પરંતુ થોડા ભારતીય ગ્રંથોમાં પણ સ્વર્ગ-વૈકુંઠને આ જગતથી ભિન્ન, ક્યાંક સાતમા આસમાનની પાર બતાવવામાં આવે છે, તો પણ અમરોની જાતિ અથવા દેવજાતિ ભારતમાં પ્રાચીન ભૂતકાળમાં વસતી હોવાની વાત વૈદિક સાહિત્યમાં સારી રીતે અને સ્પષ્ટરૂપથી દર્શાવવામાં આવી છે. અને સાચે જ તે સતયુગી સમાજ જ સ્વર્ગમાં સુખોથી સંપન્ન ભારતીય સમાજ હતો અને તે યુગમાં ભારત જ સ્વર્ગ (વૈકુંઠ) હતું. આ રીતે જોતાં નિષ્કર્ષ એ નીકળે છે કે પરમપિતા શિવ પ્રજાપિતા બ્રહ્મા દ્વારા આજે ફરીથી ભારતને નર્કમાંથી સ્વર્ગ બનાવી રહ્યા છે અને ભારતના જ માધ્યમ વડે આપણાં આ વિશ્વને ભ્રષ્ટપતિતમાંથી પાવન શ્રેષ્ઠાચારી બનાવવાની ઈશ્વરીય યોજના ભગવાન શિવના નિર્દેશન હેઠળ કાર્યાન્વિત છે.

● જેમ કે બધાં ધર્મોની પૌરાણિક ગાથાઓ અનુસાર, બ્રહ્મા અથવા એડમ અથવા આદમ અથવા નવી સૃષ્ટિરચનાના નિમિત્ત 'પ્રથમ પુરુષ' દ્વારા જ નવા શ્રેષ્ઠતમ દિવ્ય-માનવસમાજની સ્થાપનાનું કાર્ય સંપન્ન થાય છે, તેથી સ્પષ્ટ રીતે વર્તમાનમાં દેવલોકમાંથી (પ્રજાપિતા) બ્રહ્માજી આપણી વચ્ચે અવતરિત થઈ, એમના જ મુખકમળથી પરમાત્માએ પોતાનું જ્ઞાન અને યથાર્થ સૃષ્ટિચક્રનું રહસ્ય પ્રગટ કરવું જોઈએ અને એ રીતે બ્રહ્મા અને બ્રહ્મા-મુખવંશાવલી દ્વારા જ પરમાત્મા શિવે સતયુગી સૃષ્ટિની સંસ્થાપના કરવી જોઈએ.

**● નિર્મલ દેવ-ચરિત્ર અને આદર્શ દૈવી-સમાજ -** આજે વિશ્વમાં નવી દુનિયા અને નવી સમાજ વ્યવસ્થાની 21મી સદીના સંદર્ભે બહુ જ ચર્ચા થઈ રહી છે. કોઈપણ વિવેકવાન વ્યક્તિ સ્વીકાર કરશે કે નવું વિશ્વ અને સર્વ પ્રકારે એકતાબદ્ધ નવો માનવ-સમાજ યુદ્ધો અને શસ્ત્રાસ્ત્રો દ્વારા નહીં, પરંતુ વિચારોની ઉચ્ચતા અને આચરણની શ્રેષ્ઠતા દ્વારા જ પ્રતિફલિત થઈ શકે છે, અને તે તો પરમાત્માના જ્ઞાન-યોગ વડે સાચે જ સંભવિત છે. આજની દુનિયા અને સમાજનો નકશો છે તેનાથી સ્પષ્ટ થાય છે કે સેનાઓ અને શસ્ત્રોથી સંપન્ન જે દંભી-અહંકારી લોકો છે તેઓ પરસ્પર લડીને જ નષ્ટ થઈ જશે અને તેથી નવા વિચારો અને આદર્શોના પ્રતિનિધિ લોકોએ તેમની સાથે લડીને તેમના પર વિજય પ્રાપ્ત કરવાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી.

ગીતા જેવા સદ્ગ્રંથમાં ભગવાને સાચુ જ કહ્યું છે કે, 'મારા સંપૂર્ણ રહસ્યને એકમાત્ર મારા દ્વારા જ જાણી શકાય છે.'

॥ ઓમશાંતિ ॥

- **શાંતિની શક્તિનું વિશેષ યંત્ર છે 'શુભ સંકલ્પ'. આ સંકલ્પના યંત્ર દ્વારા જે ઈચ્છો તે સિદ્ધિ સ્વરૂપમાં જોઈ શકો છો. એનો પ્રયોગ પહેલાં સ્વપ્રતિ કરો તનની વ્યાધિ ઉપર પ્રયોગ કરીને જુઓ તો શાંતિની શક્તિ દ્વારા કર્મબંધનનું રૂપ, મીઠા સંબંધના રૂપમાં બદલાઈ જશે. કર્મભોગ - કર્મનું ભારે બંધન શાંતિની શક્તિથી પાણીની રેખા જેવો અનુભવ કરાવશે. તો તન પર, મન પર, સંસ્કારો પર શાંતિની શક્તિનો પ્રયોગ કરો અને સિદ્ધિ સ્વરૂપ બનો.**
- **સૃષ્ટિની કયામત (વિનાશ) પહેલાં પોતાની ખામીઓ અને નબળાઈઓની કયામત કરો.**
- **પ્યુરિટીની રોયલ્ટીમાં રહો, તો હદનાં આકર્ષણોથી ન્યારા બની જશો.**

## દિવ્યદર્શન

# કર્મનો સિદ્ધાંત

### ઉતાવળ પસ્તાવાની જનની છે તથા દુઃખ ઉતાવળનું સંતાન છે.

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

કર્મનો સિદ્ધાંત અટલ, અફર અને સનાતન સત્ય છે. કર્મ કોઈને પણ છોડતું નથી. કર્મનું ફળ અવશ્ય ભોગવવું જ પડે છે. જેવું વાવશો તેવું લણશો. બાવળના બીજ વાવીને કેરીના રસનું પાન કરી શકાય નહિ. એમ પણ કહેવાય છે કે જેવું કરશો તેવું પામશો. જેટલું કરશો તેટલું પામશો. કર્મની ગતિ અતિ ગુહ્ય છે. પાંચ કર્મેન્દ્રિયોથી, જે ક્ષણે કર્મ કરીએ છીએ તે કર્મ બીજી જ સેકંડે ગતિ કરી નોંધાવી જાય છે. નવા કર્મ બંધાય છે અને અગાઉના કર્મ ભોગવાય છે. તેથી કર્મ કરવાની કળા સમજવાની સાથે-સાથે કર્મફળ ભોગવવાની કળા જાણવી જરૂરી છે.

એક કવિએ કહ્યું છે કે, ‘કોઈ લાખ કરે ચતુરાઈ કરમ કા લેખ મિટે ના રે ભાઈ....’ ‘કર્મ કરો ઐસે ભાઈ, જો પડે ન ફિર પછતાના, પડે ન ફિર પછતાના...’ કેટલીક ટ્રકોની પાછળ બોધપ્રદ લખાણ હોય છે કે સોચકર સોચો, અથવા સોચ સમઝકર સોચો ઔર કર્મ કરો. એટલે કોઈપણ કર્મ કરતા પહેલાં તે કર્મનું શું પરિણામ આવશે તે પહેલા વિચારી લઈ સમજીને કર્મ કરવું જોઈએ. જેથી પસ્તાવાનો વારો આવે નહિ. કર્મ ધીરજ રાખી કરો. ઉતાવળીયા થઈ યા જલ્દબાજીમાં કોઈપણ કાર્ય કરી નાંખવું ન જોઈએ. કહેવાય છે કે ઉતાવળ પસ્તાવાની મા છે અને દુઃખ ઉતાવળનું સંતાન છે.

આ સૃષ્ટિ કર્મભૂમિ છે, કર્મક્ષેત્ર છે. જીવનમાં આપણે દરેક ક્ષેત્રમાં કે વ્યવસાયમાં કર્મ તો કરવા જ પડે છે. વકીલ, ડોક્ટર, વેપારી કે એડમીનીસ્ટ્રેટરે તરત જ નિર્ણય લઈને કર્મ તો કરવું જ પડે. આપણે બધા કર્મ સન્યાસી નથી, પરંતુ કર્મચારી છીએ. કર્મ કદી નિષ્ફળ જતું નથી. મનુષ્યના કર્મ જ તેને શ્રેષ્ઠ કે ભ્રષ્ટ બનાવે છે. ગીતાશાસ્ત્રમાં બોધપ્રદ વિધાન છે કે - કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન અર્થાત તમારો કર્મ કરવાનો જ અધિકાર છે, કર્મના ફળની પ્રાપ્તિનો નહિ તેથી નિષ્કામ ભાવે નિઃસ્વાર્થ ભાવે કર્તવ્યનિષ્ઠાથી કર્મ કરવું જોઈએ. આજે તો આનાથી વિરુદ્ધ મનુષ્ય પહેલા કર્મના ફળને ધ્યાનમાં રાખે છે અને પછી કર્મ કરે છે. મોટાભાગના લોકો તો ધનપ્રાપ્તિની દોડમાં દોડી રહ્યા છે અને ધન મેળવવા માટે ગમે તે ખરાબ કાર્ય, અરે, ખૂન પણ કરવા તૈયાર થઈ જાય છે. સોપારી લઈને ખૂન કરતાં માનવી કોઈ ખચકાટ અનુભવતો નથી. પ્રાણીઓમાં તો કોઈ ઘોડો બીજા ઘોડાની કે એક કૂતરો બીજા કૂતરાની હિંસા કરતા નથી. જ્યારે મનુષ્ય તો એટલી અધમ ગતિએ પહોંચ્યો છે કે ધન મેળવવા કે પોતાના મનની મુરાદ હાંસલ કરવા આતંકવાદીઓ કોઈ વાંકગુના વગર માણસોને મોતને ઘાટ ઉતારે છે જેનું અત્યારનું ઉદાહરણ આપણી સામે છે પુલવામાનો આતંકી હુમલો. લાંચરુશ્વત આપ્યા વિના કાયદેસરનું કાર્ય પણ થઈ શકતું નથી. તેથી હાલના સમાજનું નૈતિક અધઃપતન થઈ ગયું છે. માનવી મૂલ્યો તો સાવ ભૂલી જ ગયો છે. કદાચ

કોઈ ખરાબ કર્મ માટે તેનો આત્મા અંદર ડંખતો હોય તો પણ અંતરાત્માનો અવાજ દબાવી દઈ, વિવેકનું અને શાણપણનું ખૂન કરી દઈ અધમ કાર્ય કરે છે.

એક દૃષ્ટાંત વિચારણીય છે. નીતિ અને અનીતિ નામની બે સખીઓ વસ્ત્ર ઉતારી સરોવરમાં સ્નાન કરવા પડી. ત્યાર બાદ અનીતિ નામની સ્ત્રી પહેલા સરોવરમાંથી બહાર આવી નીતિના વસ્ત્ર પહેરીને સમાજમાં ફરવા લાગી. અત્યારે અનીતિને કાર્યનીતિમાં ખપાવાય છે. ભ્રષ્ટાચાર શિષ્ટાચાર ગણી વ્યવહાર થાય છે. રાતોરાત ઓછી મહેનતે પૈસાદાર બની જઈ લોકો જીવનધોરણ ઉંચું લઈ જવા માંગે છે. પરંતુ વધારે મહત્ત્વ તો જીવનની ગુણવત્તા વધારવાનું છે અને તે માટે મૂલ્યો અપનાવવા પડે, ગીતાના આધારે જે નીતિ અને ધર્મનું આચરણ નથી કરતો તેને જીવન જીવવાનો કોઈ અધિકાર નથી. કર્મ કરતા ધ્યાન એ રાખવાનું કહે છે કે મારા કર્મથી કોઈનું અહિત ન થાય કે કોઈને દુઃખ ન પહોંચે. કર્મ કરતા અહમભાવ ત્યજીને હું ની જગ્યાએ અમે અને અમારાની ભાવના સેવવાથી સાચી સેવા થશે.

કોઈપણ કાર્ય ભલે જાણે કે અજાણે કરવામાં આવ્યું હોય, પરંતુ તેનું સારું કે નરસું ફળ છોડીને જાય છે. જો આપણે કર્મોને શ્રેષ્ઠ બનાવવા ઈચ્છતા હોઈએ તો આપણી મનોવૃત્તિ, દૃષ્ટિ અને સ્મૃતિ શ્રેષ્ઠ બનાવવી પડશે, કારણ કે તે કર્મનું બીજ છે. કર્મ કરતા પહેલા અને પછી આત્મા ડંખે (કોન્સ્યસ બાઈટ) થાય તેવું કોઈ કર્મ ન કરવું જોઈએ. જીવો અને જીવવા દોના સિદ્ધાંતને લક્ષ્યમાં રાખી સૂઝબૂઝપૂર્વક કર્મ કરો. કર્મનો સિદ્ધાંત વિશ્વના બધા કાયદાઓનો કાયદો છે. કર્મ કરાવનાર આત્માને જાણી આત્મિક સ્થિતિમાં થતું કર્મ શ્રેષ્ઠ કર્મ, પુણ્ય વધારી સુખ આપે છે.

ગીત - કર લે, કર લે, કર્મ કી તૂ પહેચાન, હે માનવ કર લે તૂ પહેચાન....

**॥ ઓમશાંતિ ॥**

---

## (પેજ નં. 19નું અનુસંધાન)...આધ્યાત્મિક કન્યા શિક્ષણગૃહ

ધોતાં, કચરા-પોતાં, કિચનમાં સફાઈ, ડેકોરેશન તથા ડાંસ વગેરેમાં ભાગ લેતી કરી દીધી. જ્યારે સુરત હતી ત્યારે શાળામાં બહુ જ ઓછા માર્કસ આવતા હતા. ત્યાં હું ગુજરાતી મિડિયમમાં ભણતી હતી. અહીં આવ્યા પછી હું ઈંગ્લીશ મિડિયમમાં ભણવા લાગી. મારા માર્કસ પણ વધવા લાગ્યા.

હોસ્ટેલની વ્યવસ્થા, સ્વચ્છતા અને લાઈફ સ્ટાઈલ મને ગમી ગયાં. અહીંનું વાતાવરણ સુરક્ષિત અને ભોજન શુદ્ધ છે. ગુજરાતમાં આવી બી.કે. કન્યા હોસ્ટેલ બીજે ક્યાંય નથી. મારા માટે તો આ ઘર જ છે. ઘરે હતી ત્યારે શબ્દ પણ બોલી નહોતી શકતી. હવે બધાં સાથે હળી-મળી આનંદથી રહી શકું છું. અહીં મને જીવનનું લક્ષ્ય પ્રાપ્ત થયું છે. તેમજ મારામાં આત્મવિશ્વાસ અને દૃઢતામાં વૃદ્ધિ થઈ છે.

2019 જૂનથી કન્યાશિક્ષણગૃહમાં પ્રવેશ મેળવવા માટે રૂબરૂ યા ફોનથી સંપર્ક કરી શકો છો.

બી.કે. સંધ્યાબેન (સંચાલિકા)<br>
આધ્યાત્મિક શિક્ષણગૃહ,<br>
ગુરુકૃપા સોસાયટી, શાંતિનગર,<br>
નાના કુંભનાથ રોડ, નડીયાદ.<br>
ફોન નં. 0268-2521830

**॥ ઓમશાંતિ ॥**

# આધ્યાત્મિક કન્યા શિક્ષણગૃહ

## બ્ર.કુ. ચંદ્રવદન ચોકસી, નડિયાદ

નડિયાદ નગરની મધ્યમાં, ગુરુકૃપા સોસાયટીમાં, આજથી 28 વર્ષ પૂર્વે 1989ના જૂન માસથી માત્ર 6 કન્યાઓથી શરૂ કરવામાં આવેલ કન્યા છાત્રાલયમાંથી અત્યાર સુધીમાં સેંકડો કન્યાઓએ આધ્યાત્મિક વાતાવરણમાં રહીને, શાળા-કોલેજના બાહ્ય શિક્ષણની સાથે સાથે સર્વોચ્ચ પરમાત્મા જ્ઞાનની પાલના તથા સમર્પિત બહેનોની સ્નેહભરી સંભાળ નીચે, સંસ્કાર સિંચન અને બહુમુખી વ્યક્તિત્વ વિકાસ દ્વારા જીવન ઘડતર કર્યું છે. પચાસ જેટલી કન્યાઓ માટે સુચારુ રૂપે સગવડ ધરાવતા આ છાત્રાલયમાં 2001 થી 2005 - પાંચ વર્ષ સુધી 'બ્રહ્માકુમારીઝ ટ્રેઈનીંગ' ના 6 માસ સુધીના કોર્ષનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાંથી શિવ પરમાત્માના વિશ્વ પરિવર્તનના મહાન સેવાકાર્યમાં અનેક કન્યાઓએ પોતાનું જીવન સમર્પિત કરેલ છે. આજે પણ ગુજરાત અને ગુજરાત બહારના સેવાકેન્દ્રોમાં તેઓ સેવારત છે.

ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારે પણ કન્યા કેળવણીનું મહત્ત્વ સમજી અનેક પ્રકારે પ્રોત્સાહન આપી સહાયની યોજનાઓ બનાવી છે. માતા-પિતા પણ કન્યા કેળવણીનું મહત્ત્વ સમજવા લાગ્યાં હોવાં છતાં તેઓનાં મનમાં પ્રવર્તમાન સમયના કલુષિત વાતાવરણમાં પોતાની કન્યાઓના સંસ્કાર અને સુરક્ષા સંબંધી સતત ચિંતા રહેતી હોય છે. બ્રહ્માકુમારી સંસ્થા સાથે જોડાયેલાં તેમજ સંપર્ક-સંબંધ ધરાવતાં વાલીઓ પોતાની કન્યાઓને આ છાત્રાલયમાં પ્રવેશ અપાવીને નિશ્ચિંતતાનો સુખદ અનુભવ કરે છે. અહીં રહીને શાળા-કોલેજમાં અભ્યાસ કરતી બાળાઓને વ્યક્તિત્ત્વના વિકાસ સાથે સાથે સંસ્કાર સિંચન અને આધ્યાત્મિક વિકાસની અનેક તકો પ્રાપ્ત થાય છે. શારીરિક, બૌધ્ધિક, સામાજિક તથા સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં ભાગ લઈ પુરસ્કારો તથા પ્રમાણપત્ર પ્રાપ્ત કરે છે. માઉન્ટ આબુમાં જઈ સ્ટેજ પર સાંસ્કૃતિક કૌશલ્યોની અભિવ્યક્તિ કરતી રહે છે. અહીં તેઓને સમૂહજીવનમાં સ્વચ્છતા, સાદગી, પરસ્પર સહયોગ, સ્વનિયંત્રણ, પ્રામાણિકતા, પરોપકાર અને નૈતિકતાના પાઠો શીખવા મળે છે. તેઓમાં આત્મવિશ્વાસની સાથે આધ્યાત્મિક અભિરુચિમાં પણ વૃદ્ધિ થાય છે.

આજ સુધીમાં સેંકડો કન્યાઓએ અહીંની કન્યા હોસ્ટેલમાં રહીને જીવનની કેળવણી પ્રાપ્ત કરી વિકાસ કર્યો છે. તેમાંથી કેટલીક કન્યાઓએ પરમાત્માના આ સેવા યજ્ઞમાં જીવન પણ સમર્પિત કર્યું છે.

હવે વાંચો, કન્યા શિક્ષણગૃહમાં રહેતી કન્યાઓના અનુભવો.

**કુ. પૂનમ (થર્ડ યર, સાયન્સ કોલેજ) -**

મારો લૌકિક જન્મ કચ્છ-માંડવી નજીકના બીદડા ગામમાં. અહીં બચપણથી હું બ્રહ્માકુમારી સંસ્થાના સંપર્કમાં આવી. ધો. 12 સુધી મેં માંડવીની હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો. બાબાનું જ્ઞાન તેમજ જીવન પદ્ધતિ મને ખૂબ પસંદ પડ્યાં. કોલેજ શિક્ષણ માટે મને ચિંતા હતી કે કોલેજના વાતાવરણમાં સંગદોષને કારણે પરમાત્માનો પવિત્ર માર્ગ ચૂકી તો નહીં જવાય ને ? શિવબાબાને પણ મારી ચિંતા તો હોય જ ને ? મને રસ્તો મળી

ગયો. હું જે સેવાકેન્દ્ર પર જતી હતી તે કેન્દ્રના નિમિત્ત બી. કે. લીનાબહેને નડિયાદમાં ચાલતા કન્યા શિક્ષણ ગૃહમાં ફોન કરીને મારા માટે સાયન્સ કોલેજમાં એડમિશન માટે વાત કરી. મને કહ્યું, 'નડિયાદની બહેનોએ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલને મળીને તારું એડમિશન નક્કી કરી આપ્યું.' આ સમાચારથી હું હોંશભેર નડિયાદ કન્યા છાત્રાલયમાં 2016ના જૂનમાં આવી પહોંચી. હોસ્ટેલમાં તથા કોલેજમાં હું વાઈટ ડ્રેસ અને બેજ પહેરીને જ જાઉં છું. કોલેજની મારી ફ્રેન્ડ્સ તેમજ પ્રોફેસરો નવાઈ પામી અનેક પ્રશ્નો પણ પૂછે છે. હું હોંશભેર તેમની સાથે આધ્યાત્મિક જ્ઞાન, રાજયોગ અને શ્રેષ્ઠ લાઈફ સ્ટાઈલની ચર્ચા કરું છું. તેમને જવાબ આપું છું કે આ વાઈટ ડ્રેસ અને બેજ તો પીસ અને પ્યોરીટીના પ્રતીક છે. જે, મને ગોડલી સ્ટુડન્ટની અને ભવિષ્યમાં આવનાર નૂતન વિશ્વ માટે તૈયાર થવાની સ્મૃતિ આપે છે. બ્રહ્માકુમારી એ કોઈ ધાર્મિક સંસ્થા નહીં પણ મારો ઈશ્વરદત્ત પરિવાર છે. અહીં હોસ્ટેલની દીદીઓની સ્નેહભરી પાલના તથા કુમારીઓ સાથેની પ્રવૃત્તિઓ વચ્ચે મને મારા ઘરની યાદ સતાવતી નથી. સંપૂર્ણ સુરક્ષા આપતી આ હોસ્ટેલમાં મારી ખૂબીઓ ખૂબ જ વિકસી છે. જેમ કે singing, dancing, art & craft, speech, card making વગેરે... અભ્યાસ અને આધ્યાત્મિક સ્ટડી વચ્ચે બેલેન્સ રાખી સફળતા પ્રાપ્ત કરું છું. હું કોલેજમાં થતી સ્પર્ધાઓ તેમજ છાત્રાલયમાં થતાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ ભાગ લઉં છું. કોલેજમાં જે કોઈ ફ્રેન્ડસનો પરિચય થાય છે તેઓને હું બાબાના જ્ઞાનથી માહિતગાર કરી સેવાનો આનંદ મેળવું છું. આથી મારી ખુશીનો પાર નથી રહેતો. અમૃતવેળાનો યોગ, વહેલી સવારે બાબાની મુરલી તથા નિયમિત નુમાશામનો યોગ અમે ચૂકતાં નથી. હોસ્ટેલ સામેના 'આનંદ પાર્ક'માં અમે અવારનવાર રમીએ પણ છીએ. માઉન્ટ આબુ, વિદેશો તથા વિવિધ સેવાકેન્દ્રોથી આવતાં મહારથી ભાઈ-બહેનોના ક્લાસીસ પણ અમારા જીવન ઘડતરમાં પ્રેરણાદાયી બને છે. અહીંના પુસ્તકાલયનો પણ અમે લાભ લઈએ છીએ. કોલેજના મારા મિત્રો પણ મને જોઈ 'ઓમ્ શાંતિ' બોલતા થઈ ગયાં છે. અહીં ન આવી હોત તો મને આવું સુરક્ષિત વાતાવરણ બીજે ન મળ્યું હોત. સંગઠનમાં રહેવાથી ઉમંગ-ઉત્સાહ અને વ્યક્તિત્વના ગુણોનો વિકાસ થાય છે.

આજે હું મારી કોલેજની best speaker બની શકી છું તે ફક્ત બાબાની મદદને લીધે જ.

પહેલાં હું ખૂબ જ જિદ્દી હતી અહીં આવ્યા પછી મારા ગુસ્સામાં ઘટાડો થયો છે. સૌની સાથે Adjust થઈ છું અને અંતર્મુખી બની છું. પેપર્સ આવે ત્યારે બાબાની મદદ મળી રહેતી હોય છે. અહીંથી બહાર જતાં પૂર્વે દરરોજ બાબાની સ્મૃતિ, દીદીઓની દૃષ્ટિ અને શુભભાવના લઈને જવાનું હોય છે તેથી બહારના કલુષિત વાતાવરણ - વાયબ્રેશનની અમારા પર અસર ન થાય.

બાબા માટે મનમાં ગીત ગૂંજતું રહે છે કે -

'સબ કુછ તો મિલ ગયા હૈ, તુજે ચાહને કે બાદ,
અબ ક્યા કિસી સે માંગુ, તુજે પાને કે બાદ...'

**કુમારી આરતી (ધોરણ 11 આર્ટસ) -**

ધોરણ 10 સુધી મેં શિવરાજપુર (પાવાગઢ પાસે)ની શાળામાં અભ્યાસ કર્યો હતો. ધોરણ 11 થી મેં નડિયાદના કન્યા શિક્ષણગૃહમાં પ્રવેશ મેળવ્યો. બહારની દુનિયાના રંગ અને સંગથી સ્વયંને બચાવવાની મોટી સમસ્યાનું નિવારણ એટલે બાબાનું આ કન્યા શિક્ષણગૃહ. મારા માતા-પિતાને મારી ચિંતા હતી કે દીકરી માયાના સંગમાં

ન આવી જાય. અહીં હોસ્ટેલમાં લાવવાનો શ્રેય અમારી દીદી ક્ષમાબેનને જાય છે. તેમના લીધે જ હું આજે બાબાની છત્રછાયામાં સુરક્ષિત અને ખુશ છું. તેમની હું દિલથી આભારી છું. મારા માતા-પિતા 100 ટકા ચિંતાથી મુક્ત થઈ ગયાં છે. ભગવાનના ઘરમાં રહેવાનું ભાગ્ય મળે એથી વિશેષ ખુશીની વાત બીજી શી હોય શકે ? અહીં આવતાં પહેલાં જ્ઞાનામૃતમાં કોમલબેન અને શિલ્પાબેનનો અનુભવ વાંચીને મને પ્રેરણા મળી હતી.

શરૂઆતમાં અહીંની સાદગી અને નિયમોને જાણીને મને આશા નહતી કે હું આવું જીવન અપનાવી શકીશ, પરંતુ અહીંની બહેનોનો સ્નેહ અને બાબાની પાલનાથી ક્યારે ઘડાઈ ગઈ એની મને ખબર પણ ન પડી. હવે તો અહીંની જ લાઈફ રોયલ લાગે છે અને બહારની દુનિયા બનાવટી લાગે છે. મારા માતા-પિતામાં મને ખૂબ જ મોહ હોવાને કારણે મને એ વાતની ચિંતા હતી કે મમ્મી-પપ્પા વગર હું રહી શકીશ કે નહીં. મારી સખીઓ વિના મને ગમશે કે નહીં, પરંતુ બાબાએ મને પ્રેમ જ એટલો આપ્યો કે ઘરની કે સખીઓની જરૂર જ ન પડી. હવે તો બાબાના આ આશિયાનાથી દૂર જવાનો સંકલ્પ પણ નથી આવતો.

અહીં રહીને અમને અમારી વિશેષતાઓનો વિકાસ કરવાની તક મળે છે. ડાંસ, સિંગીગ, સ્પીચ કે ડ્રામા યા વાચા કે કર્મણા સેવામાં બધી કન્યાઓને સરખી તક મળે છે. ઘરે હતી ત્યારે સેવાનો એટલો ઉમંગ નહોતો. અહીં એક બીજાને જોઈને સેવાનો ઉમંગ-ઉત્સાહ વધ્યો છે. શાળામાં સખીઓને બાબાનો પરિચય આપતાં શીખી ગઈ છું. વાઈટ ડ્રેસ અને બેઝ સાથે શાળામાં મને જોઈને સૌને નવાઈ લાગે છે. અહીંની લાઈફ વિશે મને પ્રશ્નો પૂછે છે ત્યારે બાબાએ આપેલા જ્ઞાનની સમજ અને રોયલ લાઈફ અને રીયલ લાઈફ વચ્ચેના તફાવતની વાત સમજાવું છું. એક સામાન્ય અને નાના ગામડાની હું કુમારી, મને તો હજુ પણ સપના જેવું જ લાગે છે. કેટલા ઊંચા ભાગ્યની બાબા ગેરંટી આપે છે. જ્યારે નવા ભવનના ઓડિટોરિયમના સ્ટેજ પર હું ડાંસ, રાસ કે ગરબામાં ભાગ લઉં છું ત્યારે મને એમ થાય છે કે અહીં આવી ન હોત તો આ બધું ક્યારેય આવડત નહીં. બાબાનો પ્રેમ, મેડિટેશન અને દીદીઓના મોટિવેશનને લીધેજ હું આગળ વધી શકી છું. હૃદયમાં ગીત ગુંજી ઊઠે છે -

દિલ કે સિતાર કા ગાતા તાર-તાર હૈ, બાબા હી સંસાર મેરા બાબા હી સંસાર હૈ -

**સુરતથી આવેલી ભૂમિકા -**

હું છેલ્લા ત્રણ વર્ષથી બ્રહ્માકુમારીઝ હોસ્ટેલ, નડિયાદમાં રહીને બી.કોમ. ઈંગ્લીશ મિડિયમમાં અભ્યાસ કરું છું. પહેલાં હું અહીં આવવા માટે તૈયાર ન હતી. મારા મમ્મી-પપ્પાએ ઘણું સમજાવ્યા પછી હું હોસ્ટેલમાં રહેવા આવી. અહીં આવ્યા પછી પણ મારે હોસ્ટેલમાં નહોતું રહેવું. મેં ફોન કરીને પપ્પાને અહીં બોલાવ્યા અને સુરત લઈ જવાનો આગ્રહ કર્યો. મારા પપ્પાએ કહ્યું, ‘અહીં તારું ઉજ્જવળ ભવિષ્ય બનશે. જો સુરત આવવાની હઠ કરશે તો તને સુરત કોલેજમાં મોકલીશ નહીં. નક્કી કરી લે - આગળ ભણવું કે ઘરે બેસવું છે.’

હું અહીં રહી ગઈ. કારણ મારે તો આગળ ભણવું હતું. અહીં આવીને મારામાં ઘણું બધું પરિવર્તન આવ્યું છે. અહીંની બહેનોનો પ્યાર, સાથ, મોટિવેશનને લીધે હું અહીં રહી ગઈ. ઘરે હતી ત્યારે મારામાં જીદના સંસ્કાર બહુ જ હતા. અહીંના વાતાવરણમાં એ સંસ્કાર ખતમ થઈ ગયા છે. ઘરે હતી ત્યારે મને કંઈ જ આવડતું ન હતું. અહીં બહેનોએ મને રસોઈ બનાવતાં, કપડાં

(અનુસંધાન પેજ નં. 16 પર)

# વ્યર્થ વિચાર વાયુનો વ્યાધિ છે ?

બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી.

વ્યર્થ એટલે નકામું (નકારાત્મક) ફોગટ. વ્યાધિ એટલે રોગ. નકામા વિચાર રૂપી વાયુને ચકરાવે ચડાવતો રોગ એ માનસિક રોગ છે. શારીરિક રોગ કરતાં માનસિક રોગ વધુ ખતરનાક હોય છે. સદ્‌વિચાર કરતાં વ્યર્થ વિચારની સ્પીડ યાને ઝડપ વધુ હોય છે. જેમ વેગીલું વાહન જેની ઝડપ અતિ હોવાથી કાબૂ બહાર થઈ જાય છે ને અકસ્માત કરી બેસે છે તેમ આ વ્યર્થ વિચારનો વેગ કાબૂ બહાર જતાં તે પણ અકસ્માત કરી બેસે છે જેને પરિણામે લડાઈ ઝગડા કરી બેસે છે અને ક્યારેક તો જીવલેણ બની જાય છે. કાં તો અન્યનો જીવ લઈ બેસાય અથવા આપઘાત કરી બેસાય છે. આ છે વ્યર્થ વિચાર વાયુના વ્યાધિથી થતું નુકસાન.

આવા નુકસાનકારક વ્યર્થ વિચારને લીધે ઈશ્વર સાથે યોગ ક્યાંથી લાગે ? ન ઈચ્છવા છતાં વ્યર્થ વિચારને વંટોળે ચડેલું મન શાંત હોતું નથી. પરિણામે શાંતિના જે સાગર છે એ ઈશ્વર સાથે અનુસંધાન ન થવાથી યોગ કરવા બેસવા છતાં યોગ લાગતો નથી. આ છે વ્યર્થ વિચાર વાયુના વ્યાધિથી થતું મોટામાં મોટું નુકસાન. ઈશ્વર સાથે યોગ ન લાગવાથી યોગ દ્વારા થતા મબલખ લાભો મળતા નથી.

આપણું મન કાબુમાં ન હોવાથી ન ઈચ્છવા છતાં વ્યર્થ વિચારના વાયુના વંટોળે ચડી જવાય છે. આમ થવાનું કારણ આપણે ઈશ્વર પ્રત્યે શરણાગત ભાવ દાખવ્યો નથી તે જ છે. ઈશ્વરને શરણે જનાર ઈશ્વરના જ્ઞાનનું જ મનન ચિંતન કરે છે. ઈશ્વરીય જ્ઞાનનું મનન ચિંતન કરવાથી વ્યર્થ વિચારને બદલે સમર્થ વિચાર આવે છે જેનાથી યોગ લાગી જાય છે. બ્રહ્માકુમારી વિદ્યાલયમાં એટલા માટે રોજ રોજ ઈશ્વરીય જ્ઞાનની મુરલી સંભળાવાય છે. જ્ઞાન મુરલીના શ્રવણથી આપણા મનમાં જ્ઞાનનો સ્ટોક આવી જાય છે. આ જ્ઞાનના મનન ચિંતનથી એ જ્ઞાનગંગા વહાવનાર જ્ઞાનના સાગર સાથે યોગ લાગી જાય છે.

આ ઉપરાંત વ્યર્થ વિચાર વાયુના વિકરાળ વ્યાધિથી બચવા બ્રહ્માકુમારી વિદ્યાલયમાં ‘સ્વમાન’નું ભાન કરાવાય છે. જેમકે ‘હું માસ્ટર સર્વ શક્તિવાન છું’ અર્થાત્ હું સર્વ શક્તિવાન શિવ પરમાત્માનું સંતાન છું. આવા સ્વમાનધારીને શું નબળા વ્યર્થ વિચાર આવે ? સ્વમાનથી વ્યર્થ વિચારવાયુનો વંટોળ શમી જાય છે અને સમર્થ સંકલ્પ શરૂ થઈ જાય છે. આવા સ્વમાનીનો યોગ ઈશ્વર સાથે લાગતા વાર લાગતી નથી.

પોતાને ઈશ્વરનું સંતાન સમજનાર અન્નદોષ અને સંગદોષમાં ફસાશે નહિ. જેનાથી સ્થૂલ અને સૂક્ષ્મ પવિત્રતાનું જતન થાય છે. આ પવિત્રતાનું બળ પવિત્રતાના સાગર સાથે યોગ સાધવામાં મદદ કરે છે.

કહેવાય છે કે નવરો માણસ નખ્ખોદ વાળે અર્થાત્ ન કરવાનું કરી બેસે. અંગ્રેજીમાં આને કહે છે, Idle Mind is Devil's Workshop. આચારનું મૂળ વિચારમાં છે. વિચાર ઉદ્‌ભવે છે મનમાંથી તેથી આ મનને નવરું ન રાખતાં સદા શુભ કાર્યમાં પ્રવૃત્ત રાખવાથી તે નકામા / ફોગટ / વ્યર્થ વિચાર નહીં કરે. આ માટે બ્રહ્માકુમારી વિદ્યાલયમાં ઈશ્વરીય યાદ અને ઈશ્વરીય સેવાનું બેલેન્સ (સમતોલન) રાખવાનું શીખવાય છે. તેથી મન કાં તો ઈશ્વરની યાદમાં હોય, કાં તો ઈશ્વરીય સેવામાં

હોય. મનને આવું પ્રવૃત્ત રાખવાથી તેને વ્યર્થ વિચાર કરવાની ફુરસદ જ મળતી નથી !

પોઝીટીવ વિચારની પ્રેક્ટીસથી અર્થાત્ સકારાત્મક વિચારથી પણ મનમાં વ્યર્થ વિચાર ઉદ્ભવતા નથી. પોઝીટીવ વિચાર આપણને આશાવાદી બનાવે છે. હિંમતવાન બનાવે છે અને આપણા શુભ કાર્યમાં સફળતા અપાવે છે.

આત્માનું એ લક્ષણ છે કે એ જેના સંગમાં રહે એવો એ બની જાય છે. તો ઉત્તમ સંગ ઈશ્વરીય સંગ જ છે ને ? કુસંગથી મનમાં વ્યર્થ વિચારનું ભારણ વધે છે. ભારે મનની હાલત દયાજનક હોય છે. જેમ પાંચ મણની બોરી ઉપાડનાર મજૂર વાંકો વળી જાય છે. પરસેવે રેબઝેબ થઈ જાય છે અને થાકી જાય છે તેમ વ્યર્થ વિચારના ભારવાળું મન ઉદ્વિગ્ન હોય છે. ભારે મન ઈશ્વરને યાદ કરવા ઉડી શકતું નથી. પરમધામવાસી પાસે પહોંચી શકતું નથી અને પરમાત્મ મિલનનો પરમાનંદ પામી શકતું નથી. સ્નેહપૂર્વક પરમાત્માની યાદ ન કરી શકવાથી આપણાં જનમોજનમનાં પાપ બળતાં નથી. એટલું જ નહીં પણ યોગબળથી થતી સ્વર્ગીય સુખ-શાંતિની કમાણી પણ થઈ શકતી નથી. આવી કમાણી કરવાનો આ છેલ્લો જન્મ જો એળે જાય તો પછી પસ્તાવો કરનારની લાઈનમાં ઊભા રહેવાનો વારો આવે. પરંતુ આપણે એવા થવું નથી. પસ્તાવાના આંસુ સારવા નથી. આપણે તો આ છેલ્લો જન્મ સાર્થક કરવો છે, ખરું ?

તો ચાલો, આ વિકરાળ વ્યર્થ વિચાર વાયુના વ્યાધિને દૂર કરીએ. એ માટે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયરૂપી હોસ્પટલમાં દાખલ થઈ જઈએ. અને સમર્થ વિચારોના સંગાથે સર્વ શક્તિવાન શિવ પરમાત્મા સાથે યોગ લગાવી અલૌકિક કમાણી કરીને માલામાલ બની જઈએ.

આ તકે સારા સમાચાર જણાવતાં આનંદ થાય છે કે T.V.માં બ્રહ્માકુમારીઝની 24 કલાક સમર્થ વિચારોના કાર્યક્રમો આપતી ચેનલ (ફ્રી ઓફ) જોઈ શકાય છે. તે ચેનલનું નામ છે. 'પીસ ઓફ માઈન્ડ'. કેબલ / ડી.ટી.એચ.ના ઓપરેટરને કહેવાથી આ ચેનલની ગોઠવણ કરી શકાય છે. મનને ખુશ ખુશાલ કરતા, બુદ્ધિને દિવ્ય બનાવતા અને સંસ્કારનું સિંચન કરતા આ 'પીસ ઓફ માઈન્ડ'ના કાર્યક્રમો જોજો અને વ્યર્થ વિચારના વાયુના વ્યાધિથી મુક્ત થવાનો અખતરો કરી જોજો. ક્યાં પૈસા બેસે છે ? મફત છે શારીરિક રોગથી પણ ભયંકર આ માનસિક રોગથી મુક્ત થવા જો પૈસા ખરચવા પડે તો એ પણ લેખે લગાવ્યા કહેવાય ને ?

તનને તગડું કરવા પ્રયાસ કરીએ છીએ પણ મનની માવજત કરવાનું ભૂલી જવાય છે ને ? તો ચાલો. આજે મનના આ વ્યાધિને મટાડવા કૃતનિશ્ચયી બનીએ. આપના આ દિશામાં થયેલ પ્રમાણિક પ્રયત્નોમાં આપ જ્વલંત સફળતા મેળવો એવી હાર્દિક શુભેચ્છાનો ગુલદસ્તો આપને અર્પણ કરતાં આનંદનો અનુભવ થાય છે.

॥ ઓમશાંતિ ॥

---

**(પેજ નં. 34નું અનુસંધાન)... જન્મ - જીવન -** ત્યારે વિકર્મો અને પાપોનું બેલેન્સ શૂન્ય હોય તથા સતકર્મો અને પુણ્યનું ખાતુ ભરપૂર બને એવી શુભકામના તથા શુભભાવના સહ...

॥ ઓમશાંતિ ॥

---

**(પેજ નં. 05નું અનુસંધાન)... તંત્રી સ્થાનેથી** સમય ચાલી રહ્યો છે. તેની પળપળનો ઉપયોગ આત્મઉત્થાન માટે કરીએ તેવી શુભભાવના, શુભકામના સાથે વિરમું છું.

॥ ઓમશાંતિ ॥

**- બ્ર.કુ. કાલિદાસ**

# ગીતાના રચયિતા કે ભગવાન કોણ ?

બ્ર.કુ. કાન્તિભાઈ મેઘપરા, અટલાદરા, વડોદરા.

ગીતાના રચયિતા કે ગીતાના ભગવાન કોણ તેમજ ગીતાની રચના ક્યારે કરવામાં આવી અને ગીતાજ્ઞાન ક્યારે આપવામાં આવ્યું ? આ અનેક પ્રશ્નાર્થો છે. જો કે ગીતામાં માનનારો મોટાભાગનો સમુદાય હિન્દુ છે. શ્રીકૃષ્ણ, શ્રી રામ જેવા દેવતા કે ભગવાનમાં માનનારો વર્ગ હિન્દુ છે. આપણે જાણીએ છીએ કે હિન્દુ કોઈ ધર્મ નથી પરંતુ હિન્દુત્વમાં રાચનારો સમાજ પોતાને હિન્દુ ધર્મી માને છે. આ હિન્દુમાંનો મોટા ભાગનો વર્ગ ગીતામાં પણ માને છે પરંતુ ખેદની તેમજ ભૂલ ભરેલી વાત તો એ છે કે તેઓ ગીતાના રચયિતા અને ગીતાના ભગવાન કૃષ્ણ છે એવું માની બેઠા છે. આપણે તેમ કહીએ કે ગીતાના રચયિતા પરમપિતા પરમાત્મા છે. તો તેઓ કહેશે કે સાચી વાત છે કારણ કે તેઓ શ્રીકૃષ્ણ ને જ પરમપિતા પરમાત્મા માને છે. આપણે જાણીએ છીએ કે પરમ પિતા પરમાત્મા શિવ છે. પરંતુ હિંદુ ધર્મી વૈષ્ણવો શિવને માનતા હોતા નથી. તેમ છતાં પણ ગીતાના રચયિતા કે ગીતાના ભગવાન કોણ ? એ જો સિદ્ધ કે સાબિત કરવું હોય તો ગીતાના કેટલાક શ્લોકનું વર્ણન કરવું જરૂરી છે.

ગીતાના ભગવાન કહે છે કે ‘હું અજન્મા છું એટલે કે મારે મારું પોતાનું શરીર નથી, હું અસંસારી છું એટલે કે મારે મારો પોતાનો સંસાર નથી એટલે કે મારે મારા માતા-પિતા કે ભાઈ-બહેન કે પુત્ર-પુત્રી, પત્ની કે કોઈ પણ સાંસારિક સંબંધી નથી. હું અભોક્તા છું એટલે કે મારે કોઈ પણ પ્રકારની સુખ-દુ:ખની ભોગના પણ નથી. હું અજર, અમર, અવિનાશી છું એટલે કે મારે વૃદ્ધત્વ નથી, મૃત્યુ નથી, મારો વિનાશ થતો નથી. હું નિરાકાર છું એટલે કે મારો કોઈ આકાર નથી છતાં પણ હું જ્યોતિબિંદુ સ્વરૂપ છું, હું કોઈ સ્ત્રીના કૂખેથી જન્મ લેતો નથી પરંતુ પતિત વૃદ્ધ શરીરમાં પર કાયામાં પ્રવેશ કરી અવતરિત થાઉં છું. કારણ કે હું પર કાયામાં પ્રવેશવાને યોગ્ય છું પરંતુ જન્મ લેવાને યોગ્ય નથી. હું જન્મ-મરણના ચક્રમાં પણ આવતો નથી, જ્યારે જ્યારે કળિયુગના અંતના પણ અંતે ધર્મના નામે અધર્મ વ્યાપી જાય, માનવ ભ્રષ્ટાચારી, વ્યભિચારી, પાપાચારી, દુરાચારી, વિકારી, પતિત બની જાય છે ત્યારે ત્યારે કલ્પ કલ્પ હું જન્મ લેતો નથી પરંતુ અવતરિત થઈ, પવિત્ર બ્રાહ્મણોની રચના કરી તેમજ કલ્યાણકારી પુરુષોત્તમ સંગમયુગની સ્થાપના કરી, ગીતાજ્ઞાન આપી, ત્રણ ધર્મ અનુક્રમે બ્રાહ્મણ ધર્મ, આદિ સનાતન દેવી દેવતા ધર્મ અને ક્ષત્રિય ધર્મની સ્થાપના કરીને નવી સતયુગી તેમજ ત્રેતાયુગી દુનિયાની સ્થાપના કરું છું.

શ્રીકૃષ્ણ એ ગીતાજ્ઞાનની સતયુગી Creation છે. ગીતા એ શ્રીકૃષ્ણની પાછલા જન્મની માતા હતી કે જેનાથી સતયુગમાં શ્રીકૃષ્ણના રૂપમાં શ્રીકૃષ્ણનો જન્મ થયો. તેઓને તેમના પાછલા જન્મમાં અજન્મા, નિરાકારી, અશરીરી, અસંસારી, જ્યોતિબિંદુ સ્વરૂપ, અભોક્તા, અવતરિત પરમ પિતા પરમાત્મા શિવ એ ગીતાજ્ઞાન આપ્યું હતું. કોઈ સ્ત્રીના કૂખેથી શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો. તેઓ દેહધારી હતાં. સંસારી હતાં. સાકારી હતાં, તેઓને સુખની ભોગના હતી, તેઓ જન્મ-મરણના ચક્રમાં આવ્યા હતાં. ગીતાના રચયિતા નિરાકાર પરમ પિતા પરમાત્માએ ગીતામાં કહ્યું છે કે જે કોઈ, કોઈ

સ્ત્રીના કૂખેથી જન્મ ધારણ કરે, દેહ ધારણ કરે, સંસારી બને, સુખની ભોગના ભોગવે. જન્મ-મરણના ચક્રમાં આવે તેને પરમાત્મા કહેવાય નહિ. ગીતાના રચયિતાને શ્રીકૃષ્ણ જેવો મહિમા નથી તેથી તે ગીતાના રચયિતા પરમાત્મા શિવ જ છે.

શ્રીકૃષ્ણ એ તેના શરીરનું નામ છે. કોઈપણ શરીરધારીના શરીરમાં આત્મા હોય જ. શ્રીકૃષ્ણ દેહધારી છે તેથી તેના શરીરમાં આત્મા હોય જ. શરીર મૃત્યુ પામે પછી તે શરીર શ્રીકૃષ્ણનું હોય કે શ્રીરામનું હોય. દેહધારીના પિતા દેહધારી જ હોય અને દેહધારીના સંતાન પણ દેહધારી જ હોય. પરંતુ આત્માના પિતા આત્મા જેવા જ પરમ આત્મા એટલે કે પરમાત્મા જ હોય. તેનો અર્થ એ થયો કે શ્રીકૃષ્ણ પરમાત્મા નથી કારણ કે તે દેહધારી છે.

દેવાત્મા શ્રીકૃષ્ણ તો સતયુગના નાના બાળક હતાં. તે કઈ રીતે ગીતાજ્ઞાન આપી શકે ! દેવાત્મા શ્રીકૃષ્ણ સતયુગની પ્રથમ Creation હતી. તેઓ સતયુગના રાજકુમાર હતાં કે જે સમયે જે માનવો હતાં તેઓ પણ શ્રીકૃષ્ણની જેમ દેવાત્માઓ હતા. દેવાત્મા એટલે 16 કળાએ સંપૂર્ણ. સંપૂર્ણ નિર્વિકારી, સંપૂર્ણ પવિત્ર, મર્યાદા પુરુષોત્તમ. આ સતયુગી દેવાત્માઓ પ્રેમ, પવિત્રતા, સત્યતા, સંતુષ્ટતા, ધૈર્યતા, મધુરતા, નમ્રતા, નિર્ભયતા, હર્ષિતમુખતા, અંતર્મુખતા, ઉદારતા, નિયમિતતા, સરલતા, નિરઅહંકારીતા, શ્રેષ્ઠતા, પ્રામાણિકતા જેવા દૈવીગુણ ધરાવતા હતાં. આવા સતયુગમાં ગીતાજ્ઞાનની ક્યાં જરૂર ! વળી આવા સતયુગમાં સર્વ આત્માના પિતા પરમ પિતા પરમાત્માએ શ્રીકૃષ્ણના શરીરમાં પણ આવવાની ક્યાં જરૂર ! ગીતાજ્ઞાનની જરૂરિયાત હોય છે કળિયુગના અંતે. વળી કળિયુગના અંતે દેવાત્મા શ્રીકૃષ્ણનો જન્મ થતો નથી. તેમનો જન્મ થાય છે સતયુગમાં.

શ્રીકૃષ્ણને Lord (ભગવાન) કહેવામાં આવે છે જ્યારે સર્વ આત્માના પિતા પરમ પિતા નિરાકાર શિવને God (પરમાત્મા) કહેવામાં આવે છે.

ગીતા એ કોઈ ધર્મશાસ્ત્ર નથી પરંતુ ગીતા એ ત્રણ ધર્મ (બ્રાહ્મણ ધર્મ, આદિ સનાતન દેવી-દેવતા ધર્મ, ક્ષત્રિય ધર્મ) અને ત્રણ યુગ (પુરુષોત્તમ સંગમયુગ, સતયુગ, ત્રેતાયુગ)ની સ્થાપના કરતું ઈશ્વરીય જ્ઞાન છે. ઈશ્વરીય જ્ઞાન એટલે ઈશ્વર દ્વારા અપાયેલું જ્ઞાન. ઈશ્વર દ્વારા આપવામાં આવતું ઈશ્વરીય જ્ઞાન એટલે કે ગીતા જ્ઞાનની જરૂરિયાત કળિયુગના અંતે જ પડે કે જે સમયે કૃષ્ણનો આત્મા 84મા છેલ્લા જન્મમાં હોય કે જે સમયે 84 જન્મવાળા કૃષ્ણના આત્મા સહિત કળિયુગી આત્માઓ પતિત, પાપાચારી, વ્યભિચારી, ભ્રષ્ટાચારી, દુરાચારી, વિકારી બની ગયા હોય છે. શ્રીકૃષ્ણ રૂપી શરીરમાં પ્રવેશેલા આત્મા 82 શરીર બદલતાં બદલતાં જ્યારે 83માં શરીરમાં પ્રવેશે છે ત્યારે તે શરીરનું નામ પડે છે દાદા લેખરાજ. (શ્રીકૃષ્ણ to દાદા લેખરાજ) કે જે સમયે હળાહળ કળિયુગ હોય છે ત્યારે સર્વ આત્માના પિતા જ્યોતિબિંદુ સ્વરૂપ નિરાકાર પરમ પિતા પરમાત્મા શિવ દાદા લેખરાજના તનમાં પ્રવેશ કરે છે અને તેમને જ કહે છે કે 'પરમ જ્યોતિબિંદુ સ્વરૂપમ્ શિવોહમ્ શિવોહમ્... જ્ઞાન સ્વરૂપમ્ શિવોહમ્ શિવોહમ્... નિજાનંદ સ્વરૂપ્ શિવોહમ્ શિવોહમ્...' તું દાદા લેખરાજ નથી, તું બ્રહ્મા છો, તું જ ભવિષ્યમાં સતયુગી શ્રીકૃષ્ણ બનનાર છો.' અને પછી તો સાચા સાચા ગીતાજ્ઞાનનો સીલસીલો શરૂ થયો.

પોતાને હિન્દુ ધર્મી સમજી બેઠેલો સમુદાય તેવું માને છે કે શ્રીકૃષ્ણનો જન્મ દ્વાપરયુગમાં થયો હતો અને દ્વાપરયુગમાં શ્રીકૃષ્ણએ ગીતાજ્ઞાન આપ્યું હતું. ના છૂટકે તેવું માની લઈએ કે ધારો કે શ્રીકૃષ્ણનો જન્મ દ્વાપરયુગમાં થયો અને

ગીતાજ્ઞાન આપ્યું તો પછી દ્વાપરયુગ બાદ સતયુગ એટલે કે સ્વર્ગીય સુવર્ણયુગ આવવો જોઈએ ને ! પરંતુ તેને બદલે તો અજ્ઞાનરૂપી અંધકારયુગ કળિયુગ આવ્યો. સત્ય તો એ છે કે ગીતાજ્ઞાનથી જ સતયુગી સ્વર્ગીય સુવર્ણયુગની સ્થાપના થાય જ અને હવે સતયુગી સ્વર્ગીય સુવર્ણયુગની સ્થાપનાનું કાર્ય અવિરત પણે ચાલી રહ્યું છે. આ કાર્ય છેલ્લા 83 વર્ષથી નિરાકાર જ્યોતિબિંદુ સ્વરૂપ પરમ પિતા પરમાત્મા શિવ પ્રજાપિતા બ્રહ્મા મુખ વંશાવલી પવિત્ર બ્રાહ્મણ વત્સો દ્વારા ચાલી રહ્યું છે કે જે કાર્ય હવે 19 વર્ષમાં પૂર્ણ કરવાનું છે.

બાબાએ Ultimatum આપી દીધું છે. પરંતુ કાશ ! દુન્યવી મનુષ્ય આ બાબતથી અજ્ઞાત છે.

હવે અજ્ઞાનરૂપી અંધકારમય કળિયુગની વિદાય અને જ્ઞાનરૂપી પ્રકાશમય સતયુગી સુવર્ણયુગના આગમનના વધામણાંના એંધાણ નજીકના જ વર્ષોમાં દ્રશ્યમાન થશે. હાહાકાર પછી જય જયકાર થશે. નજીકના ભવિષ્યમાં જ શ્રીકૃષ્ણની પધરામણી ભવિષ્ય સુવર્ણકાલીન ભારતભૂમિ પર થશે.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 29નું અનુસંધાન)... પ્રસંગ પરિમલ**

આજે કનૈયો સ્વયં મારી પાસે આવ્યો છે. હું એનો હાથ પકડી લઉં. પોતાનો હાથ લાકડીના સહારે કનૈયાને પકડવા લંબાવ્યો. શ્રીકૃષ્ણ એમના મનનો ભાવ સમજી ગયા. સૂરદાસનો હાથ ધીરે ધીરે આગળ વધી રહ્યો હતો. માત્ર એમના ઘરથી થોડું અંતર રહ્યું એટલે તેઓ લાકડી છોડીને ચાલ્યા ગયા. કનૈયાએ લાઠી છોડી દીધી તો સૂરદાસ વ્યાકુળ બની ગયા. એમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. તેઓ બોલ્યા, હું આંધળો છું, આવા આંધળાની લાકડી છોડીને જવામાં તારી કઈ બહાદુરી છે. એમના મુખમાંથી વેદનાના શબ્દો નીકળી પડ્યા.

‘ બાંહ છુડા કે જાત હૈ, નિર્બલ જાની મોહી.
હૃદય છોડ કે જાય તો મૈં મર્દ બખાનૂ તોહી.

મને નિર્બળ સમજીને મારો હાથ છોડીને જાઓ છો, પણ મારા હૃદયમાંથી જાઓ તો હું તમને જાણું, શ્રી કૃષ્ણએ કહ્યું, બાબા, જો હું આપના જેવા ભક્તોના હૃદયમાંથી ચાલ્યો જાઉં તો ક્યાં રહીશ ?

**॥ ઓમશાંતિ ॥**

## ગીત

**બ્ર.કુ. ઊર્મિલાબેન, પીપાવાવ (રાજુલા)**

જીવન બદલાઈ જાય હો બાબાના જ્ઞાનથી
બોલી બદલીશું, વિચાર બદલીશું
સ્વરાજ્ય અધિકારી બનીશું હો બાબાના જ્ઞાનથી
દૃષ્ટિ બદલીશું, વૃત્તિ બદલીશું
સ્વર્ગના માલિક બનીશું હો બાબાના જ્ઞાનથી
દેહભાન છોડીશું, બીજાને સુખ આપીશું.
દેવી-દેવતા બનીશું હો બાબાના જ્ઞાનથી
નિદ્રા છોડીશું, અમૃતવેલા કરીશું.
21 જન્મના સુખી બનીશું હો બાબાના જ્ઞાનથી
પાંચ વિકાર છોડીશું, નિયમિત યોગ કરીશું
ત્રિકાલદર્શી બનીશું હો બાબાના જ્ઞાનથી
માયાજીત બનીશું, અવગુણ કાઢીશું
સર્વગુણી બનીશું હો બાબાના જ્ઞાનથી
કર્મ સુધારીશું બદલીને બતાવીશું
સતયુગ લાવીશું હો બાબાના જ્ઞાનથી

**॥ ઓમશાંતિ ॥**

# તંત્રીને પત્રો

છેલ્લા દસેક વર્ષથી ‘જ્ઞાનામૃત’ નિયમિત વાંચું છું. મારા મતે ‘જ્ઞાનામૃત’માં પ્રસિદ્ધ થતી પ્રત્યેક કૃતિઓ વાંચકને ઊર્ધ્વગતિ તરફ દોરી જનારી હોય છે. દર મહિને કંઈકનું કંઈક નવું જ્ઞાન મળતું રહેવાથી વાંચકની આત્મિક સ્થિતિ પણ શક્તિશાળી બનતી જાય છે. વળી તંત્રી સ્થાનેથી નિયમિત લખાતી પ્રથમ કૃતિ તો શ્રેષ્ઠતાની તમામ સીમાઓ પાર કરી જનારી હોય છે. ફેબ્રુઆરી 2019ના અંકમાં ‘ફરિસ્તાપણાની અવસ્થા’ એ લેખ વાંચીને જાણે કે સર્વ પ્રકારના બોજથી હલકા બની રહ્યા હોવાની અનુભૂતિ સહજ રીતે જ થયા વિના રહેતી નથી. બાપદાદાના રાહ પર વર્ષો સુધી અવિરત યોગસાધનાના બળે ઊંચી સ્થિતિને પામનારી આપણી દાદીઓના લેખો પણ સ્વ પરિવર્તન માટે અતિ મૂલ્યવાન રહ્યા છે. વળી બ્રહ્માકુમારીઝ સંસ્થાની વિવિધ આધ્યાત્મિક અને રચનાત્મક પ્રવૃત્તિઓથી વાંચકોને માહિતગાર કરતી રંગીન તસવીરો પણ ‘જ્ઞાનામૃત’ની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. આમ સર્વ પ્રકારે ઉત્તમ જ્ઞાનના અમૃતસમું સંસ્થાનું આ મુખપત્ર જે હદમાં રહીને બેહદની સ્થિતિને પમાડનારું છે. અંતમાં ગુર્જરધરા અને ગુજરાતી ભાષાના ગૌરવસમા ‘જ્ઞાનામૃત’ માસિકને મારી અનેક અનેક શુભકામનાઓ પાઠવું છું.

**બ્ર.કુ. કેશુભાઈ જે. પટેલ (નિવૃત શિક્ષક, કાલીપુરા)**

‘જ્ઞાનામૃત’માં બાબાના જ્ઞાનને ઉત્કૃષ્ટ સાહિત્ય સામગ્રી દ્વારા પીરસીને આપ સારી સેવા કરી રહ્યા છો.

અમારી કન્યા હોસ્ટેલમાં થતી પ્રવૃત્તિઓ અને કન્યાઓના વ્યક્તિત્વ વિકાસ તથા સંસ્કાર સિંચન માટે રખાતી કાળજી સંબંધી માહિતી આપતો લેખ દર વર્ષે મોકલીએ છીએ. એ રીતે આ વર્ષે પણ ત્રણ કન્યાના અનુભવો સાથે લેખ તૈયાર કરીને મોકલ્યો છે. આપના સ્વાસ્થ્ય માટે શુભ ભાવના સાથે.

**બ્ર.કુ. ચંદ્રવદન ચોક્સી (નડિયાદ)**

- **દિવ્યગુણોના સર્વ અલંકારોથી સજેલા રહો, તો અહંકાર આવશે નહીં.**
- **જેની ઈશ્વરીય યાદની જ્યોતિ સદા જાગતી રહે છે તેઓ બ્રાહ્મણ (બ્રહ્માવત્સ) કુળના દીપક બને છે.**
- **પોતાની શ્રેષ્ઠવૃત્તિથી વાયુમંડળને શ્રેષ્ઠ બનાવવું એ સાચી સેવા છે.**

- **અંદરની સ્થિતિનું દર્પણ ચહેરો છે. ચહેરો કદી શુષ્ક ના હોય, ખુશીવાળો હોય.**
- **ઉપરામ સ્થિતિ દ્વારા ઉડતીકલામાં ઉડતા રહો, તો કર્મરૂપી ડાળીના બંધનમાં ફસાશો નહીં.**
- **સાહસને સાથી બનાવી લો, તો દરેક કર્મમાં સફળતા મળતી રહેશે.**

## ચિંતન

# તીવ્ર આધ્યાત્મિક પુરુષાર્થ

બ્ર.કુ. પિનાક, નારણપુરા, અમદાવાદ

તીવ્ર પુરુષાર્થની આધ્યાત્મિક પરિભાષા આપીએ તો તીવ્ર પુરુષાર્થ એટલે ઝડપી, પરિણામલક્ષી, દૃષ્ટિ સંપન્ન, કલ્યાણકારી પુરુષાર્થી. 'એકવાર જે ભૂલ થઈ તે ફરીથી ના થાય.' એવું મમ્માએ કહેલું છે. આ છે તીવ્ર પુરુષાર્થની સચોટ પરિભાષા.

તીવ્ર પુરુષાર્થમાં મુખ્યત્વે ચાર બાબતોને આવરી લેવી જરૂરી છે. (૧) સંસ્કાર પરિવર્તન, (૨) સમયનું મૂલ્ય (૩) સમર્પણભાવ અને (૪) સેવાભાવ. આ ચારે વિષયોમાં તીવ્ર પુરુષાર્થનું કાર્યક્ષેત્ર આવી જાય છે. અમુક ગુણો, શક્તિઓ, વિશેષતાઓ ધારણ કરીએ છીએ ત્યારે તેની સાથે જોડાયેલાં અન્ય ગુણો, શક્તિઓ પણ તેમાંથી મળે છે. જ્ઞાન, ગુણ, શક્તિઓથી દિવ્યતાની વૃદ્ધિ થાય છે.

મીઠા બાબાએ 'તીવ્ર પુરુષાર્થ' વિશે કહ્યું છે, **'જે સર્વ પ્રત્યે કલ્યાણકારી વૃત્તિ અને શુભચિંતક ભાવ રાખે છે તે તીવ્ર પુરુષાર્થી છે. ભલે કોઈ વારંવાર પછાડવાનો પ્રયાસ કરે, મનને ડગમગ કરે, વિઘ્નરૂપ બને છતાં પણ આપનો એના પ્રત્યે સદા શુભચિંતકનો અડોલ ભાવ રહે. વાતોને કારણે ભાવના બદલાય પણ દરેક પરિસ્થિતિમાં વૃત્તિ અને ભાવ યથાર્થ હોય તો આપના ઉપર એનો પ્રભાવ પડશે નહીં. પછી કોઈપણ વ્યર્થ વાતો જોવામાં નહીં આવે. સમય બચી જશે. આ છે વિશ્વ કલ્યાણકારી અવસ્થા.'** (સાકારવાણી, તા. 28-12-2016)

હવે ચાર મુદ્દાઓની વાત કરીએ.

### સંસ્કાર પરિવર્તન

સંસ્કાર પરિવર્તન માટે ઝાટકુ બનવું પડે. મમ્મા, દાદીઓ નાની વયે ઓમમંડળીમાં આવ્યાં. કેટલાંક બ્રહ્માકુમારીઝ નામકરણ પછીથી આવ્યાં. પણ દિવ્ય સાક્ષાત્કારોથી દિવ્ય અનુભૂતિઓ થતાં જૂના, પુરાણા સંસ્કારો ઝાટકુ બનીને બદલી દીધા. તે માટે બહુ સમય ના લીધો. લૌકિક સંસ્કારો, ખાનપાન, રીતિ રિવાજો, રહેણીકરણી બદલવી, પવિત્રતાની ધારણા કરવી આ બધી સામાન્ય વાતો નથી. પણ આ મહાન આત્માઓએ તીવ્ર પુરુષાર્થથી સંસ્કાર પરિવર્તન કરીને સમાજને ચોંકાવી દીધો. જે સંસ્થાનો પાયો જ આટલો મજબૂત હોય તેને કોણ ડગાવી શકે ? તીવ્ર પુરુષાર્થ દ્વારા સંસ્કાર પરિવર્તન એવું હોય કે જેમાં મન, વાણી, કર્મની એકરૂપતા રહે. આત્મા સ્વરાજ્ય અધિકારી બને. જૂના પુરાણા સંસ્કારો, પાછલા જન્મના વ્યર્થ સંસ્કારો દગ્ધ થઈ જાય. એકાગ્રતાપૂર્ણ, દૃઢ મનોબળથી તીવ્ર પુરુષાર્થ કરતાં સંસ્કારો દિવ્ય બને છે. ટૂંકમાં જે મહાન આત્માઓ બન્યા છે, યજ્ઞમાં નામ રોશન કર્યું છે. પ્રસિદ્ધિ પામ્યાં છે તેઓ સંસ્કાર પરિવર્તનની ઉલ્લેખનીય પ્રતિભાઓ છે.

### સમયનું મૂલ્ય

સમાપ્તિવર્ષની ઘોષણા થઈ. અવ્યક્ત બાપદાદાના મિલનમાં પરિવર્તન થયું. વિશ્વની પરિસ્થિતિ સ્ફોટક છે. બીજા વિશ્વયુદ્ધમાં જાપાનના હીરોશીમા અને નાગાસાકી ઉપર ફેંકાયેલાં બૉંબ કરતાં આજે અતિ આધુનિક,

ઘાતકી, વિનાશકારી અણુશસ્ત્રોનું નિર્માણ થઈ રહ્યું છે. આ અણુશસ્ત્રોનો જેના ઉપર પ્રહાર થશે તે તો નહીં બચે સાથે સાથે પ્રહાર કરનારા પણ નહીં બચે. ઘડીના છઠ્ઠા ભાગમાં ન બનવાનું બની જશે. સંગમયુગ પૂર્ણ થવામાં છે ત્યારે સંગમયુગની પળે પળ કીમતી છે, મૂલ્યવાન છે. તેનો પરિણામલક્ષી ઉપયોગ કરવો એટલે તીવ્ર પુરુષાર્થ.

## સમર્પણ ભાવ

સમર્પણ માટે હવે રાહ જોવાનો સમય નથી. તન, મન, ધન, સમય, સંકલ્પ, શ્વાસ, બાબાને, યજ્ઞને સમર્પિત કરવામાં કોઈ ચોઘડિયું જોવાની જરૂર નથી. તેના માટે કમૂરતાં નડતાં નથી. સત્કાર્ય શ્રેષ્ઠ કાર્ય જ્યારે કરીએ ત્યારે તે કલ્યાણકારી જ છે. પોતાનું ભાગ્ય બનાવનાર છે. સમર્પણ લૂલુ લંગડુ ના હોય. પોતે સમર્પણની પાકી પ્રક્રિયા ના કરી હોય, તો પાછળથી સંતાનોની મતિ બદલાતાં એ સમર્પણ ધોવાઈ જાય છે.

ધનનું તો સમર્પણ કર્યું પણ પછીથી આહાર, આરામ અને આળસમાં સમય ગયો. કોઈ પરિણામલક્ષી, ઉલ્લેખનીય સેવા ના કરી તો જમા ખાતું ઘટતું જશે. ઉધારખાતું વધતું જશે. સમર્પણની યથાર્થ પરિભાષા જાણવા માટે સાત દિવસ ચાલેલી અવ્યક્તવાણીઓનું અધ્યયન કરવું જરૂરી છે. તેને ત્યાગનો સપ્તાહ કોર્સ કહે છે. સમર્પણની દિવ્યખુશી ચહેરા ઉપર દેખાવી જોઈએ. જીવનની સંતુષ્ટતા અને ધન્યતાની નિરંતર અનુભૂતિ થાય. તેનાથી વિરુદ્ધની વાતો જોવા મળે તો કહી શકાય કે આ સમર્પણ અધૂરું છે. દિલનું નથી, દિમાગનું છે.

## સેવાભાવ

રુહાની સેવા એવી હોવી જોઈએ જે આત્માઓને સ્પર્શી જાય. જીવન પરિવર્તન માટે નિમિત્ત બને. દુઃખી, અશાંત, હતાશ, નિરાશ આત્માઓના ચહેરાઓ આનંદથી ખીલી ઉઠે. હૃદયના ઉમંગ, ઉત્સાહથી કરેલી સેવા સફળ થાય છે. જે બ્રહ્માકુમારી બહેનો, બ્રહ્માવત્સો લગનથી, સમર્પિતભાવથી, પારદર્શિતાથી, નિષ્કામભાવથી સેવા કરે છે તેનું સુંદર પરિણામ અવશ્ય મળે છે. ભિન્ન ભિન્ન ઉલ્લેખનીય શોધો કરનાર શિવશક્તિઓએ આધ્યાત્મિક ઈતિહાસમાં અધ્યાય રચી પોતાનું નામ રોશન કર્યું છે.

સ્વઉન્નતિની સેવા સંગઠનમાં કરવાથી તે અસરકારક બને છે. તેનાથી ઉમંગ, ઉત્સાહભર્યા વાયુમંડળથી ચમત્કારી પરિણામો મળે છે. યોગના વિભિન્ન કાર્યક્રમો, ભઠ્ઠીઓ, જ્ઞાનના ભિન્ન ભિન્ન વિષયોનાં અધિકારી વક્તાઓ દ્વારા પ્રવચનો, સાકાર અને અવ્યક્તવાણીઓનું અધ્યયન જરૂરી છે.

બાબા કહે છે કે બીન વિવાદાસ્પદ, જીવન-મૂલ્યોને અગ્રતાક્રમ આપી સેવા થાય છે પણ આ નવી દુનિયાનું નવું જ્ઞાન છે તેનો પણ સંદેશ મળવો જોઈએ. રાજયોગી જગદીશચંદ્રનું ‘નઈ દુનિયાકા નયા જ્ઞાન’ પુસ્તક આ માટે ઉપયોગી બનશે. સેવામાં માત્ર પ્રેમ, પાલના અને પ્રસન્નતાનું પ્રમાણપત્ર પૂરતું નથી. પણ સ્વયં પરમાત્મા સૃષ્ટિ પરિવર્તનનું આ કાર્ય કરાવી રહ્યા છે. તેની પ્રત્યક્ષતા થાય તે જરૂરી છે. સ્પાર્ક દ્વારા થતી પરિણામલક્ષી સેવાઓ ઉલ્લેખનીય બને છે. અન્ય વીંગો પણ નોંધપાત્ર સેવાઓ કરે છે.

સેવામાં સ્પર્ધાભાવ નહીં પણ સદ્‌ભાવના હોય. વધારે ખર્ચ કરીને, ભવ્ય સજાવટથી સેવા થાય પણ તે અપૂરતી છે. ચહેરા અને ચલન દ્વારા સેવા થાય તો તે અસરકારક બને છે. સેવા કોઈના ઉપર લાદી શકાતી નથી. તે સ્વયંમાંથી જન્મે છે. જે બ્રહ્માવત્સ બાબા પ્રત્યેના પ્રેમ, ઉમંગ, ઉત્સાહથી

સેવા કરે છે. તે સેવાને દીપાવે છે. સેવા કોઈ નાની કે મોટી હોતી નથી. ચાહે વાણીની હોય, ધનની હોય, કર્મણા સેવા હોય પણ તેમાં આપણો ભાવ અને ભાવના કેવી છે તે મહત્ત્વનું છે. આજના અદ્યતન સંચાર સાધનોના જમાનામાં સેવામાં પણ પરિવર્તન આવ્યું છે. પ્રોજેક્ટર શો ભૂલાઈ ગયા છે. એક વખતે મુદ્રિત મુરલી ધનની જેમ મહત્ત્વ પામતી હતી. આજે ટી.વી., ઈન્ટરનેટ, મોબાઈલના માધ્યમથી તે સહજ પ્રાપ્ય છે. મુરલીની પ્રાપ્યતા વધી છે પણ મુરલી દ્વારા થતી જીવન પરિવર્તનની પ્રક્રિયા ઘટી છે. રેડિયો, ટી.વી. સાયબર મીડિયા દ્વારા થતી સેવા ઝડપી અને દેશ તથા દુનિયાના ખૂણે ખૂણે પહોંચે છે. આવા માધ્યમથી રાજયોગિની બ્રહ્માકુમારી શિવાનીબેન જેવા સમર્થ વક્તાઓ જે સેવા કરે છે તેના ફલસ્વરૂપે બ્રહ્માવત્સો અને ભવનનિર્માણની માત્રા વધતી જાય છે.

ટૂંકમાં તીવ્ર પુરુષાર્થ કરવાનો આ અવસર છે. ખાણમાંથી નીકળેલા હીરાને ચમકદાર બનાવનાર તીવ્ર પુરુષાર્થ છે. સમયને સોનેરી બનાવવાની આ પળો છે. જીવનને ધન્ય બનાવવાની મંઝિલ એટલે તીવ્ર આધ્યાત્મિક પુરુષાર્થ. આપ સૌ તીવ્ર આધ્યાત્મિક પુરુષાર્થ દ્વારા સિદ્ધિ સંપન્ન બનો, બાબાની પ્રત્યક્ષતા માટે નિમિત્ત બનો એવી અંતરમનની શુભકામના.

॥ **ઓમશાંતિ** ॥

# સ્વાસ્થ્યવર્ધક આદતો

- નરણે કોઠે હુંફાળું પાણી પીવાની આદત લાભદાયી છે. તેનાથી શરીરમાંના ઝેરી તત્ત્વો બહાર ફૂંકાઈ જાય છે.
- દરેક રંગના શાક-ફળ ખાવા જેમકે સફરજન, કેપ્સિકમ મરચાં, બેરીઝ, પાંદડાયુક્ત ભાજીઓ, આ સઘળામાંથી પોષક તત્ત્વો મળે છે.
- રોજિંદા આહારમાં દૂધ કે દૂધની બનાવટનો સમાવેશ અવશ્ય કરવો. તે હાડકાને મજબૂત કરે છે.
- દિવસમાં ઓછામાં ઓછી 15 મિનિટ વોક કરવું. એટલો સમય પણ ન મળતો હોય તો શાક લેવા ચાલતા જવું અથવા તો એક બસ સ્ટોપ જેટલું ચાલવું.
- રોજ ડાયરીમાં એક એવી વાત લખો જેનાથી તમને હકારાત્મક એનર્જી મળે. પોતાની ઊણપ વાંચવા કરતાં સારી વાતો વાંચવાથી તન-મન સુધરે છે.
- ઠંડા પીણા પીવા કરતાં પાણી કે ફળોનો રસ પીવો.
- પપૈયું નિયમિત ખાવું. પપૈયાના સેવનથી શરીરને પોટેશિયમ તેમજ વિટામિન એ મળે છે.
- દિવસ દરમિયાન એક વ્યક્તિને કોમ્પલીમેન્ટ અવશ્ય આપવું તેનાથી તમે પ્રફુલ્લતા અનુભવશો અને સ્ટ્રેસ પણ દૂર થશે.
- સવારે 15 મિનિટ તડકામાં બેસવાની આદત પાડો. સૂર્યના કિરણો ડિપ્રેશન દૂર કરવા સક્ષમ છે.
- દાંતે દિવસમાં બે વાર બ્રશ કરવું. મુખ દુર્ગંધ તેમજ મોંમાના બેક્ટેરિયા દૂર થાય છે.
- જંક ફૂડ ન ખાવા. બગીચામાં ટહેલવું.

(સહિયર)

# પ્રસંગ પરિમલ

## પરસ્પર સમજણથી આવે ઝઘડાનો ઉકેલ

કબીરજી રોજ સત્સંગ કરતા હતા. લોકો આવતા જતા રહેતા. એક માનવ સત્સંગ પૂરો થયો છતાં બેસી રહ્યો. કબીરજી બોલ્યા, કહો કંઈ કામ છે ? તો તે માનવે કહ્યું કે હું ઘણે દૂરથી આવું છું. મારે આપનું માર્ગદર્શન લેવું છે. શું પૂછવું છે ? બોલો એમ કબીરે કહ્યું. તે કહેવા લાગ્યો કે હું ગૃહસ્થી છું. મારા ઘરમાં ઝઘડા થયા જ કરે છે. હું આપની પાસેથી એ જાણવા ઈચ્છું છું કે ઝઘડા કઈ રીતે દૂર થાય ? કબીરજી ચૂપ રહ્યા પછી થોડીવારમાં કબીરે એમનાં પત્નીને કહ્યું કે ફાનસ સળગાવી લાવો. કબીરનાં પત્ની ફાનસ સળગાવી લાવ્યાં. તે કબીરજીની પાસે મૂકી. તે માનવ વિચારવા લાગ્યો કે આટલી બપોરે ફાનસ સળગાવી લાવવાનો શો અર્થ ? તે માનવ વિચારવા લાગ્યો કે મારે શું ?

પછી કબીરજીએ કહ્યું કે કંઈક મીઠું (મિઠાઈ) લાવો. તો એમનાં પત્ની નમકીન લઈને આવ્યાં. એ માનવે વિચાર્યું કે આ તો પાગલનું ઘર છે. મિઠાઈને બદલે નમકીન, દિવસમાં ફાનસ. તે માનવે કહ્યું કબીરજી હું જાઉં છું. તે માનવ વિચારવા લાગ્યો કે હું ક્યાં ફસાઈ ગયો.

કબીરજી સમજી ગયા કે આપને આપના ઝઘડાનો ઉકેલ મળ્યો કે નહીં ? કબીરજીએ કહ્યું કે મેં ફાનસ સળગાવી લાવવાનું કહ્યું તો મારી પત્ની એમ કહી શકતી હતી કે શું તમે પાગલ થઈ ગયા છો ? આટલી બપોરે ફાનસ લાવવાનું શું કામ છે. એણે વિચાર્યું કે કોઈ કામથી મંગાવી હશે. તે મિઠાઈને બદલે નમકીન આપી ગઈ તો મેં વિચાર્યું કે ઘરમાં મિઠાઈ નહીં હોય. એમાં ઝઘડવાનું શું ? તમે પણ સમજો. ઝઘડા કરવાનું છોડો. એક બીજાની વાતને સમજો. એકબીજામાં વિશ્વાસ રાખો. એ માનવે વિચાર્યું કે આ દૃષ્ટાંતો કબીરજીએ મારા માટે મૂક્યાં. એ માનવને સમજાઈ ગયું કે ગૃહસ્થી હોય કે મિત્રતા બંનેમાં સુમેળ, પરસ્પર વિશ્વાસ ઘણો જ જરૂરી છે. કોઈની સાથે વેર ના રાખો. ઝઘડા ના કરો. જરૂર પડતાં એકબીજાની સમજણ અને સંમતિથી વ્યવહાર કરો.

## હૃદયથી કોઈ દૂર નહીં કરી શકે.

એકવાર સંત સૂરદાસને કોઈએ ભજન કરવા આમંત્રણ આપ્યું. ભજન પતી ગયા પછી એમને એમના ઘેર પહોંચાડવાનું કોઈને ધ્યાન રહ્યું નહીં. સૂરદાસે પણ એમને તકલીફ આપવી નથી એમ વિચાર્યું. અને સ્વયં હાથમાં લાકડી લઈને ગોવિંદ કરતાં અંધારી રાતે ચાલતા ઘર તરફ નીકળી પડ્યા. રસ્તામાં એક કૂવો આવતો હતો. તેઓ લાકડી પછાડતા પછાડતા ભગવાનનું નામ લેતા લેતા આગળ વધી રહ્યા હતા. એમના પગ અને કૂવા વચ્ચે માત્ર થોડું જ અંતર રહ્યું હતું. ત્યારે એમને લાગ્યું કે કોઈએ એમની લાકડી પકડી છે. સૂરદાસે પૂછ્યું તમે કોણ છો ? તો ઉત્તર મળ્યો કે બાબા હું એક બાળક છું. હું પણ આપનાં ભજન સાંભળીને પાછો ફરી રહ્યો હતો. આપનાં ભજન સાંભળવાં મને બહુ જ ગમે છે. મેં જોયું કે આપ ખોટા રસ્તે જઈ રહ્યા છો એટલે હું અહીં આવી ગયો. ચાલો, હું આપને આપના ઘર સુધી મૂકી આવું. સૂરદાસે પૂછ્યું, બેટા તારું નામ શું છે ? તો ઉત્તર મળ્યો કે બાબા હજુ સુધી મારી માએ મારું નામ પાડ્યું નથી. તો હું તને કયા નામથી બોલાવુ ? બાબા, ગમે તે નામે બોલાવશો તો ચાલશે. સૂરદાસે રસ્તામાં એ બાળકને કેટલાયે સવાલો પૂછ્યા. એમને લાગ્યું કે કનૈયો ના હોય ? એમને લાગ્યું કે

(અનુસંધાન પેજ નં. 24 પર)

# સ્વદર્શન ચક્ર

## બ્ર.કુ. બાબુભાઈ , મોરબી

‘ બાબા કહતે હૈ કિ સ્વદર્શન ચક્ર ઘુમાઓ , તો માયા કા ગલા કટ જાયેગા .’
પરમધામથી આવી , ભૃકુટિ મધ્યમાં બેઠો આત્મા , ક્યારેક ખુશ , ક્યારેક અશાંત થાય વાતવાતમાં .
આત્માની છે ત્રણ શક્તિઓ , મન , બુદ્ધિ અને સંસ્કાર , ત્રણે મળીને રથને ( દેહ ) ચલાવે .
બુદ્ધિ નિર્ણય લે , મન કરે વિચાર , જેવા કર્મ કરે તેવા બને સ્વભાવ - સંસ્કાર .
સતયુગમાં સતોપ્રધાન , પવિત્રતા , સુખ પારાવાર , સુખ , શાંતિ , સમૃદ્ધિ , ત્યાં છે અપરમપાર .
પાવન ભારતમાં છે , લક્ષ્મી-નારાયણનું રાજ , પ્રકૃતિ છે દાસી , માગ્યા વિના દે સુખ-સાજ .
પૂજ્ય દેવતાઓ પ્રારબ્ધ ભોગવે , કરવા નથી પડતા કોઈ કામ કાજ .
ફળ , ફુલથી ભરપૂર , ધરતી સજાવે , પ્રકૃતિના સૌન્દર્યમાં છે રૂપ રાજ .
દાસને નથી નાનપ કે કોઈ ખામી . સતયુગ , ત્રેતા સુખની દુનિયા , ત્યાં નથી કોઈ ગુલામી .
આ છે રામરાજ્યની સત્ય વાત , થોડા સમયમાં ફરીથી આવશે નૂતન પ્રભાત .
દ્વાપરયુગથી આવે છે રાવણ રાજ , દેવતાઓના ઉતરી ગયા , પવિત્રતાના તાજ .
ભક્તિનો માર્ગ શરૂ થયો , બન્યા શિવ ( સોમનાથ )ના મંદિર ,
અવ્યભિચારી , રજોગુણી ભક્તિ , ત્યાં પણ છે શુભ વિચાર ,
રાજા પરદુ:ખ ભંજન , વિક્રમાદિત્ય કરે શિવની પૂજા .
પ્રજા પ્રેમી , સાંભળે સહુના પ્રશ્નો , યોગ્ય નિર્ણય તૂર્ત જ સજા ,
પછીથી આવ્યા ઈબ્રાહીમ , ગૌતમ , ક્રાઈસ્ટ ધર્મોના ગુરૂ
એક પછી એક વધ્યા ધર્મો , લડાઈ , ઝગડા થયા શરૂ
મૂર્તિપૂજા , મંદિરો વધ્યા , ઉતરતી કલાથી ચાલે રાજ ,
રજોગુણી બન્યા તમોગુણી , ભૂલી ભાન બન્યા વ્યભિચારી .
વ્યભિચારી , તમોપ્રધાન ચાલે રાવણનું પ્રજા પર રાજ .
સ્વાર્થ વધ્યા , લોભે હલચલ મચાવી , ક્રોધથી ચલાવે રાજ ...
દુ:ખી અશાંત , રોગી , કામી , ગુંડાગીરી છે હરામીનું રાજ ,
પ્રજાના મતે રાજા ચૂંટાય , શિર પરથી ઉતરી ગયા તાજ ,
ઉઘાડે માથે ... પહેર્યા કપડે ઉઘાડા , પ્રધાનો બન્યા તમસ રાજ ..
દ્વાપર , કલિયુગ મળી , 63 જન્મ ચાલે વિકર્મોનું રાજ ..
પુરુષોત્તમ કલ્યાણકારી સંગમયુગ આવ્યો , હીરાતુલ્ય સમય લાવ્યો ,
આવા સમયે આવ્યા શિવ , બ્રહ્મા તનનો લઈ આધાર ,
પરિચય આપી પોતાનો , સમજાવે છે ગીતા જ્ઞાનનો સાર ,
રાજયોગી , હોલીહંસ આત્માઓ , લૂંટે સુખ અપાર , શિવનું કહ્યું ન માને તે , ધર્મરાજ પુરીમાં ખાશે માર ...

॥ ઓમશાંતિ ॥

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

બ્ર.કુ. ઊર્મિલાબેન, અંજાર (કચ્છ)

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ વિશ્વભરમાં દર વર્ષે 8 માર્ચના રોજ મનાવવામાં આવે છે. સામાન્ય રીતે સમસ્ત મહિલા જાતિને સન્માન આપવા, એમનાં કાર્યોની પ્રશંસા કરી પ્રોત્સાહિત કરવા અને તેમના ઉત્થાન માટેની યોજનાઓ કાર્યાન્વિત કરવા માટે મનાવવામાં આવે છે કારણ કે મહિલા સમાજનું અભિન્ન અંગ છે. જેઓ આર્થિક, સમાજિક અને રાજનૈતિક કાર્યોમાં અગત્યની ભૂમિકા નિભાવે છે.

મહિલા દિવસની ઉજવણી વિષે ભૂતકાળમાં ડોકિયું કરીએ તો વર્ષ 1910ના ઓગસ્ટ માસમાં પ્રથમવાર વિદેશમાં કોપેહેગન ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા સંમેલન દ્વારા આયોજિત દ્વિતીય આંતરરાષ્ટ્રીય સમાજવાદીની એક મીટીંગ દરમિયાન દર વર્ષે મહિલા દિવસ ઉજવણીનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો હતો. છેવટે અમેરિકન અને જર્મન સમાજવાદી લુઈસ જીએત્ઝના સહકાર વડે મહિલા દિવસની ઉજવણી દર વર્ષે કરવાની મંજૂરી મળી. જો કે તેમાં કોઈ તારીખ નક્કી કરવામાં આવી ન હતી. આઠ માસ બાદ ઓસ્ટ્રિયા, જર્મની, ડેનમાર્ક અને સ્વીટ્ઝરલેન્ડમાં પ્રથમ વખત 19 માર્ચ 1911માં મહિલા દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવેલ. જેમાં પ્રદર્શન, મહિલા પરેડ, બેનર, પ્રવચન જેવા કાર્યક્રમો આયોજિત કરવામાં આવેલા. આ સમયે મહિલાઓના મતાધિકાર, સાર્વજનિક કાર્યાલયોમાં નોકરી રોજગારમાં લૈંગિક ભેદભાવ વગેરે મુદ્દાઓ રાખવામાં આવ્યા હતા. એ સમયે અમેરિકામાં દર વર્ષે ફેબ્રુઆરી માસના અંતિમ રવિવારે રાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવાતો. ત્યાર બાદ 1913થી રશિયા પણ તે જ દિવસે મહિલા દિવસ ઉજવતું હતું. જર્મનીમાં 1914થી મહિલાઓને મતાધિકાર આપવામાં આવેલો. વર્ષ 1917માં મહિલા દિવસની ઉજવણી દરમિયાન રશિયામાં ભૂખમરો ડામવા સેંટ પીટ્ર્સબર્ગની મહિલાઓ દ્વારા 'રોટી અને શાંતિ' માટે પ્રથમ વિશ્વ યુદ્ધ સમાપ્ત કરવા ઐતિહાસિક ચળવળ ચલાવવામાં આવેલી. હડતાલની અસર એટલી જોરદાર રહી કે સરકારને સત્તા છોડવી પડી. ત્યાર બાદ વચગાળાની સરકારે માંગ સ્વીકારી અને મહિલાઓને મતાધિકાર પણ આપવામાં આવ્યો.

આ સમયે રશિયામાં જુલિયન કેલેન્ડર ચાલતું હતું અને બાકી વિશ્વમાં ગ્રેગેરિયન કેલેન્ડર. આ બંન્નેમાં થોડો તફાવત હતો. જુલિયન કેલેન્ડર પ્રમાણે માર્ચની 8 તારીખ હતી. ત્યાર બાદ આ તફાવતને સરભર કરવા રશિયાએ ગ્રેગેરિયન કેલેન્ડર સ્વીકાર્યું અને ત્યારથી 8 માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે મનાવવાનું શરૂ થયું. પરંતુ એ સમયે મીડિયાની ભૂમિકા નહિવત્ હતી તેથી પૂરા વિશ્વમાં તેનો પ્રચાર ન થયો.

મહિલા અધિકારો વિષે જાગૃતિ લાવવા 8 માર્ચે સમસ્ત વિશ્વમાં ઝનૂન અને ઉત્સાહ સાથે કાર્યક્રમો ચલાવવામાં આવે છે. ભારતવર્ષમાં પણ આ દિવસે મહિલાઓના અધિકારો અને એમની સ્થિતિ સુધારવા વિષેનો વાસ્તવિક સંદેશ ફેલાવવામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ એક મોટી ભૂમિકા ભજવી રહેલ છે.

॥ ઓમશાંતિ ॥

# જન્મ - જીવન - જવાનું

બ્ર.કુ. કેશુભાઈ પટેલ, મહાદેવપુરા, પ્રાંતિજ

પરમપિતા પરમાત્મા, શિવે રચેલી આ સૃષ્ટિના સૃષ્ટિચક્રનો નિર્દેશક કાંટો, ઘડિયાળના કાંટાની જેમ, અવિરત આગળ ધપી રહ્યો છે. નિર્દેશક કાંટો સંગમયુગ પરથી પસાર થઈ રહ્યો છે અને તે પણ સંગમયુગના અંત તરફ નજીક પહોંચતો જાય છે. સંગમયુગ, પરિવર્તનનો યુગ છે. સૃષ્ટિનું પરિવર્તન અને આત્માઓનાં સ્વપરિવર્તન એકમેક સાથે સંકળાયેલાં છે. આત્માઓના 84 જન્મો પૈકીનો આ છેલ્લો જન્મ ચાલી રહ્યો છે. આત્માએ આ કલ્પમાં છેલ્લો 'જન્મ' લઈ, છેલ્લું શરીર ધારણ કરી, બ્રાહ્મણ 'જીવન' જીવીને છેલ્લે 'જવાનું' છે. પરમધામ. એટલે જ આ છેલ્લા જન્મનું છેલ્લા જીવનનું અને છેલ્લે પરત જવાનું વિશેષ મહત્ત્વ છે. પાછલા 83 જન્મોના જન્મનું જીવનનું અને એક દેહ છોડી બીજા દેહમાં જવાનું મહત્ત્વ નહોતું એટલું મહત્ત્વ આ છેલ્લા 'જન્મનું' છેલ્લા 'જીવનનું' અને છેલ્લે 'જવાનું' છે.

**જન્મ -** સંગમયુગ છે આત્માઓ અને પરમાત્માના મિલનનો. બાબા આને નદીઓ અને સાગરનો મેળો કહે છે. સંગમ એટલે જ મિલન. આત્માઓના પરમાત્મા સાથેના મિલનથી આત્માઓમાં નવી ચેતના, નવી ઉર્જા, જ્ઞાન અને અનેક પ્રકારની શક્તિઓ પ્રાપ્ત થાય છે. સંગમયુગે જ બાબા પતિત ધરા પર આવી આત્માઓને પાવન બનાવે છે. દિવ્ય જ્ઞાન આપે છે, દિવ્યગુણો આપે છે. બાબાએ રચેલા ગીતાજ્ઞાન યજ્ઞમાં, આત્માઓ જોડાઈ પુરુષાર્થ કરે છે. આ બધા એવા આત્માઓ છે કે જેઓ સતયુગી દુનિયામાં જવાવાળા પુરુષાર્થી આત્માઓ છે અને તેમનો જ આ કલ્પમાં આ છેલ્લો જન્મ છે.

સતયુગી દુનિયામાં વિશ્વભરના બધા જ આત્માઓ જઈ શકતા નથી. સતયુગમાં, શરૂઆતમાં નવ લાખ જશે અને સતયુગના અંતે બે કરોડ આત્માઓ હશે. તો સતયુગી દુનિયામાં જનાર આત્માઓને આ છેલ્લા જન્મ સમયે કેવા પરિવારમાં જન્મ મળશે ? છેલ્લો જન્મ કયા પરિવારમાં લેવો તે આત્મા નક્કી કરી શકતો નથી. પરંતુ પાછલા કર્મોનો હિસાબ, જૂના સંસ્કારો અને આત્મા-આત્મા સાથેના સંબંધોથી નક્કી થાય છે. પાછલા જન્મોના સતકર્મો અને પુણ્યના ખાતા અનુસાર આધ્યાત્મિક વલણવાળા, સંસ્કારી, પવિત્ર આચરણવાળા પરિવારમાં મળશે, જેથી કરીને સતસંગ, સુસંસ્કાર, વાયુમંડળના કારણે ગીતાજ્ઞાન યજ્ઞમાં જોડાશે, શ્રેષ્ઠ પુરુષાર્થ કરશે, સતયુગી દુનિયામાં ઉચ્ચ પદ મેળવશે, બાકીના આત્માઓને વિપરિત પરિવાર અને વિપરિત પરિસ્થિતિઓના લીધે સતયુગ, ત્રેતાયુગમાં સ્થાન નહીં મળે. બાબા ઘણી બધી મુરલીઓમાં કહે છે - આ કલ્પના છેલ્લા જન્મ સમયે પુરુષાર્થ કરી જેવી સિદ્ધિઓ, પરિસ્થિતિઓ પદ પ્રાપ્ત કરશે તેવી જ પ્રાપ્તિ કલ્પે કલ્પે થશે. માટે જ આ છેલ્લો જન્મ અતિ મહત્ત્વનો છે. છેલ્લો જન્મ સારી જગ્યાએ મળશે તો પુરુષાર્થ કરવામાં વાયુમંડળ અનુકૂળ હશે, પરિવારના સભ્યો સહયોગી બની શકશે, પ્રેરણા મળશે, ઉત્સાહ ઉમંગ વધશે, પરિણામે શ્રેષ્ઠ પુરુષાર્થ કરી સતકર્મો અને પુણ્યનું ખાતું ભરપૂર હશે.

**જીવન -** સંગમયુગી બ્રાહ્મણ જીવન જીવતા બ્રાહ્મણનું લક્ષ્ય શું હોય ? ... સતયુગી દુનિયામાં જવાનું અને ઉચ્ચ પદ મેળવવાનું પણ તે માટે

પુરુષાર્થ કેવો હોવો જોઈએ ? બ્રાહ્મણ જીવન કેવું હોવું જોઈએ ? સંકલ્પો કેવા હોવા જોઈએ ? કર્મ કેવાં હોવાં જોઈએ ? જીવન શૈલી કેવી હોવી જોઈએ?

જે આત્મા... બાબાનો બાળક બન્યો હોય, બ્રાહ્મણ જીવન સ્વીકાર્યું હોય, સવારે ઉઠતાંવેત બ્રહ્માબાબાને તથા શિવબાબાને અતિ પ્રેમથી, અંતરના ઉંડાણથી યાદ કરી ગુડમોર્નિંગ કરતો હોય, સુખી જીવન મળ્યાથી બાબાને થેંક્સ કહેતો હોય, અમૃતવેળાનો યોગ નિયમિત કરતો હોય, નિયમિત બાબાની મુરલી વાંચતો / સાંભળતો હોય, બાબાનું જ્ઞાન ધારણ કરતો હોય, ગીતા જ્ઞાન યજ્ઞમાં સહયોગી બનતો હોય, યજ્ઞ સેવામાં તત્પર રહેતો હોય, શિવબાબાની અવ્યભિચારી યાદમાં રહેતો હોય, યોગીજીવન હોય, સેવાકાર્યો કરતાં કે વ્યવસાયિક કામ કરતાં બાબાની યાદમાં રહી કર્મયોગી હોય, બાબાની યાદમાં રહી, બનાવેલું પવિત્ર ભોજન લેતો હોય અને બાબાની યાદમાં ભોજન ગ્રહણ કરતો હોય, લૌકિક સંબંધોમાં તોડ નિભાવતાં ન્યારા અને પ્યારા હોય, દેહઅભિમાન છોડી આત્મઅભિમાની સ્થિતિમાં રહેતો હોય, પરદર્શન, પરચિંતન, પરમત, પરપીડન અને પ્રપંચથી મુક્ત રહી ઈશ્વરીય સેવા અને સામાજિક સેવામાં પરમાર્થ સેવા કરતો હોય, કરન કરાવનહાર સેવા કરાવે છે. હું નિમિત્ત છું એમ સમજતો હોય અને માનતો હોય, કોઈપણ કર્મ કરતી વખતે બાબાને સાથે રાખી નિષ્કામભાવે કર્મ કરતો હોય, બાબાએ આપેલી / સોંપેલી જવાબદારીઓ નિભાવતો હોય, બાબાની ઈશ્વરીય ગોદનો અનુભવ કરતો હોય, બાપદાદાની છત્રછાયામાં રહેતો હોય અને અનુભવ કરતો હોય, શિવ પરિવારમાં રહી સેવાકાર્યોમાં સહયોગી બનતો હોય, શિવબાબા મારા પરમ ગુરુ, પરમ શિક્ષક, પરમ મિત્ર, પરમ સાથી હોવાનો આત્મીયતાથી અનુભવ કરતો હોય, હું બ્રહ્મા મુખવંશાવલી બ્રાહ્મણ છું મને બાબાએ વિશેષ જવાબદારીઓ સોંપી છે તેમ સમજતો હોય અને નિભાવતો હોય, 'મેરા તો એક શિવબાબા દૂસરા ન કોઈ' પાઠ પાકો કર્યો હોય, લૌકિક પરિવારની જવાબદારી નિભાવવા છતાં નષ્ટોમોહા બન્યો હોય, શિવબાબાના વારસાથી ભરપૂર - શાંતસ્વરૂપ, પવિત્ર સ્વરૂપ, ગુણમૂર્ત માસ્ટર જ્ઞાન સૂર્ય, માસ્ટર સર્વ શક્તિમાન બન્યો હોય, બાબાના વરદાનોથી ભરપૂર બન્યો હોય, કમજોર, અશાંત, અશક્ત આત્માઓ પ્રત્યે માસ્ટર બ્લીસફૂલ માસ્ટર લવફૂલ રહેતો હોય, રોયલ રીતભાત હોય, ફરિશ્તારૂપ હોય. ભગવાને મને આ ધરતી પર ખાસ હેતુસર મોકલ્યો છે મારે કંઈક વિશેષ થઈને પરત પરમધામ જવાનું છે તેવું સમજતો હોય, બાબાએ આપેલી પરખશક્તિ અનુસાર જરૂરતમંદ આત્માઓને જ્ઞાનદાન, શાંતિદાન, ગુણદાન, શક્તિદાન કરતો હોય, શિવબાબાના જ્ઞાનયજ્ઞમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગી થતો હોય, ગીતા જ્ઞાન યજ્ઞમાં તન-મન-ધનથી સહયોગી થતો હોય, બાપદાદા, દાદીઓ, દીદીઓ અને અન્ય આત્માઓની દુઆઓથી ભરપૂર હોય અને અન્ય આત્માઓને દુઆઓ આપતો હોય.

આખા દિવસની દિનચર્યાને અંતે રાત્રે સૂતી વખતે દિવસ દરમિયાન જાણ્યે અજાણ્યે પાપકર્મો, અમાનવીય વર્તાવ કે ભૂલો થઈ હોય તે, બાબાની આગળ ખૂલ્લા દિલથી જાહેર કરી, ફરી આવા ભૂલ / કર્મોનું પુનરાવર્તન ન થાય, એવી બાબાને ખાત્રી આપી, જે તે આત્માની તથા બાબાની માફી માગી, એકરાર કરી ગુડનાઈટ કરી સૂવા જાય... આવું માનતો હોય, ચાલતો હોય અને જીવતો

હોય, તો તે આત્માનું જીવન શ્રેષ્ઠ બ્રાહ્મણ 'જીવન' છે. શ્રેષ્ઠ બ્રાહ્મણ જીવન જીવનાર આત્મા જ તેનું લક્ષ્ય હાંસલ કરી શકશે શ્રેષ્ઠ બ્રાહ્મણ જીવન જ સતયુગી દુનિયામાં શ્રેષ્ઠ પદ અપાવી શકશે.

**જવાનું -** પરમપિતા પરમાત્મા ભગવાન શિવે રચેલા રાજસ્વ અશ્વમેઘ અવિનાશી રૂદ્ર ગીતા જ્ઞાન યજ્ઞ પૂર્ણાહુતિ તરફ આગળ ધપી રહ્યો છે. નવી દિવ્ય પાવન સૃષ્ટિની રચના થઈ રહી છે. જૂની પતિત સૃષ્ટિનો નાશ કરાશે, એ પહેલાં સતયુગી દુનિયાની સ્થાપના થશે. બધા જ આત્માઓ પરત વતનમાં પરમધામ શાંતિધામ જશે. 'જવાનું' તો બધા જ આત્માઓને છે. બ્રહ્માવત્સ બનેલા આત્માઓ જશે અને બ્રહ્માવત્સ નહીં બનેલા આત્માઓ પણ જશે. પરંતુ બંનેના પરત જવાની અવસ્થામાં તફાવત હશે. શું તફાવત હશે ?

**ભક્તિમાર્ગમાં -** બદ્રીનાથ, ગંગાસાગર, રામેશ્વર જેવી લાંબી યાત્રામાં જનાર યાત્રી પોતાની સાથે ઘરનો નાસ્તો લઈ જાય છે. લંચબોક્સ લઈ જાય છે. જ્ઞાનમાર્ગે ચાલનારા આત્માઓ પરત વતનમાં જતી વખતે પોતાની સાથે સતકર્મો અને પુણ્યનું ભાથું લઈને જાય છે. 'જવાનું' છે તો ખાલી હાથે શું કામ જવું ? જવાનું લક્ષ્ય પણ નક્કી જ હોય છે. સતયુગમાં, ઉચ્ચ પદ પર, સુખશાંતિની દુનિયામાં ! ઉચ્ચ પદ મેળવવા માટેનો પુરુષાર્થ પણ ઉચ્ચ કોટિનો હોય, લાંબાગાળાનો હોય અને તીવ્ર હોય. જવાનું છે રાજ્યભાગ્ય લેવા, રાજા મહારાજા બનવા. તો રાજ્ય કોની ઉપર કરવાનું ? તે માટે પ્રજા પણ જોઈશે. સતયુગી દુનિયામાં પ્રજા મેળવવા આ સંગમયુગે જ્ઞાનયજ્ઞમાં આત્માઓને જોડાવા અને એવા સહયોગી અનેક આત્માઓને યજ્ઞ સેવા આપી, સતયુગમાં જવાવાળા આત્માઓને પણ આ સંગમયુગે જ તૈયાર કરવાના રહેશે. પરમધામ આત્માએ એકલા જવાનું નથી, આત્માએ સેવા આપી તૈયાર કરેલા આત્માઓને સાથી રાખી બાબાની સાથે જવાનું છે. બાબાની યાદમાં રહી કર્મયોગી બનવાનું છે. યજ્ઞસેવામાં સેવાધારી બનવાનું છે. રાજયોગી બની વિકારો અને પાપોને ભસ્મ કરવાના છે. જ્ઞાન ધારણ કરવાનું છે. છેલ્લા જન્મના સમયે બાબાની યાદ, જ્ઞાન ધારણા, યજ્ઞ સેવા અને યોગમાં પાક્કા થઈ ઉચ્ચ ગુણાંકથી ઉત્તીર્ણ થવાનું છે. આવા તૈયાર થઈને પરત પરમધામ 'જવાનું' છે.

આગળના જન્મોના પાપો અને વિકર્મોના સરવાળા થતા થતા મોટું ગ્રાન્ડ ટોટલ બન્યું છે. પાપો અને વિકારોનો ભાર પણ આત્મા પર ચડેલો છે. બાબાની યાદ અને રાજયોગથી ભાર ઉતારવાનો છે. હલકા થવાનું છે. ફરિશ્તા બનવાનું છે. વજન ઓછું કરો તો જ ઉડી શકાશે. પરમધામ બોજમુક્ત થઈને જવાનું છે. જીવનમુક્તિમાં જવું છે તો ટીપટોપ થઈને 'જવાનું' છે. સતયુગમાં ચાલતી રીતરસમ મુજબ સજીધજીને 'જવાનું' છે. દૈવીગુણો, દૈવીશક્તિઓ, શાંતિ, પવિત્રતાથી સજ્જ થવાનું છે અને પછી પરત પરમધામ 'જવાનું' છે.

પ્રિય આત્મન્ ! આપનો આ અંતિમ 'જન્મ' ઈશ્વરીય કુળના શ્રેષ્ઠ પરિવારમાં થયો છે. યોગી કર્મયોગી અને સહયોગી શ્રેષ્ઠ 'જીવન' બની રહે અને શતાયુના અંતે પરત પરમધામ 'જવાનું' થાય

**(અનુસંધાન પેજ નં. 21 પર)**

Published and Printed by BK Sarlaben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.



સુરત કીમ ખાતે 'એક પત્ર પ્રભુ કે નામ' કાર્યક્રમમાં આર્યન એકેડમીના ટ્રસ્ટી વિરલભાઈ, સ્વામી વિવેકાનંદ ટ્રસ્ટના નાગરભાઈ, પૂર્વ આચાર્ય ભ્રાતા સુખદેવભાઈ, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. નમ્રતાબેન.




વ્યારામાં 'રાજયોગ'ની વ્યાખ્યાનમાળામાં બ્ર.કુ. ઉષાબેન, કાકરાપાર થર્મલ પાવર સ્ટેશનના પ્રોજેક્ટ ડાયરેક્ટર ભ્રાતા રંજન સરન, વ્યાપારી સંજયભાઈ, બ્ર.કુ. રંજનબેન અને બ્ર.કુ. અરુણાબેન.



રાજકોટ ગાયકવાડી સેવાકેન્દ્ર દ્વારા રેલનગરમાં આયોજીત ઝાંખીમાં કોરપોરેટર ભ્રાતા અતુલભાઈ, GEB ના એન્જીનિયર ભ્રાતા ભરતભાઈ, બ્ર.કુ. જ્યોત્સનાબેન તથા અન્ય મહેમાનો.




અમદાવાદ ન્યુ મણિનગર સેવાકેન્દ્રના 'વાર્ષિક ઉત્સવ' પ્રસંગે રામોલ પોલીસ સ્ટેશનના PI ભ્રાતા કે.જી.દવેને સૌગાત આપતાં બ્ર.કુ.સોનલબેન, બ્ર.કુ.નંદાબેન, ભ્રાતા કિશોરભાઈ તથા અન્ય મહાનુભાવો.



કેશોદમાં હોળી પ્રાગટ્ય બાદ MLA અરવિંદભાઈ, નગરપાલિકાના પ્રમુખ યોગેશભાઈ, સામાજીક કાર્યકર્તા ભ્રાતા પ્રવીણભાઈ, એડવોકેટ ભ્રાતા દિનુભાઈ, બ્ર.કુ. રુપાબેન, બ્ર.કુ. દક્ષાબેન, બ્ર.કુ. મીતાબેન.



મુંબઈ મલાડમાં 'વિશ્વ આરોગ્ય દિવસે' ફ્રી મેડીકલ કેમ્પનું ઉદ્‌ઘાટન કરતાં ટી.વી. અને ફિલ્મ કલાકાર ડૉ. વેદ થાપર, BMC બગીચાના સુપ્રીટેન્ડન્ટ ભ્રાતા એચ.પી.ગોસ્વામી અને બ્ર.કુ. શોભાબેન.



દીવમાં પોલીસ વિભાગ, હોમગાર્ડ તથા IRB વિભાગના સ્ટાફ માટે આયોજીત 'તનાવમુક્ત જીવન' કાર્યક્રમમાં પ્રવચન કરતાં NCCના નેવલ કમાન્ડીંગ ઓફિસર બ્ર.કુ. શિવસીંગભાઈ, બ્ર.કુ. ગીતાબેન.



વડોદરા ગ્લોબલ હોસ્પીટલ દ્વારા આયોજીત 'આઈ કેમ્પ'નું દીપ પ્રજ્વલન કરી ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. રાજબેન, ડૉ. કેતનભાઈ પટેલ, ડૉ. પ્રદિપભાઈ શેઠ, ડૉ. કરણભાઈ ચૌહાણ.

Gyan Amrit Vol.12 | Issue 5 | May 2019 | Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842.
Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2017-2019 Vaild up to 31st December-2019 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.





સિધ્ધપુરમાં 'પ્રભુ સમર્પણ, સન્માન સમારોહ અને વાર્ષિક ઉત્સવ' પ્રસંગે મા.આબુથી પધારેલાં સંયુક્ત મુખ્ય પ્રશાસિકા આદરણીય દાદી રતનમોહિનીજી સાથે બ્ર.કુ. વિજયાબેન, બ્ર.કુ. બિન્દુબેન, બ્ર.કુ. નીપાબેન, બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. લીલાબેન, બ્ર.કુ. નેહાબેન તથા અર્થશાસ્ત્રી-ચિંતક ભ્રાતા જયનારાયણભાઈ વ્યાસ અને GIDCના ચેરમેન ભ્રાતા બલવંતસિંહજીને ઈશ્વરીય સૌગાત આપતાં દાદી રતનમોહિનીજી.




વડનગરમાં આયોજીત 'આધ્યાત્મિક મેળા'નું દીપ પ્રજ્જવલન કરી મંગલ ઉદ્ઘાટન કરતાં વૃધ્ધાશ્રમના સંચાલક ભ્રાતા સોમભાઈ મોદી, મામલતદાર ભ્રાતા નિહારભાઈ, TDO ભ્રાતા સુબોધકુમાર, પૂર્વપ્રમુખ ભ્રાતા કેશુભાઈ, ગુરુકુળના શાસ્ત્રીજી, બ્ર.કુ. ગીતાબેન (આબુ રોડ), બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. ચંદ્રિકાબેન તથા મેળાનું ઓપનીંગ મૉડલ સ્વર્ણિમ દુનિયાનું દશ્ય.




અમદાવાદ ઘોડાસર સેવાકેન્દ્ર દ્વારા આયોજીત 'ત્રિવેણી મહોત્સવ' કાર્યક્રમમાં દીપ પ્રજ્જવલન કરતાં રાજયોગિની સરલાદીદી, કમલ ટ્રાન્સપોર્ટના માલિક ભ્રાતા કમલભાઈ ડોઘરા, સામાજીક કાર્યકર્તા ભ્રાતા નારાયણભાઈ, શિવ સિલેક્શનના માલિક ભ્રાતા મોહનભાઈ, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. જાગૃતિબેન, બ્ર.કુ. જસુમતીબેન તથા ૪૫ રાજયોગી સન્માનીય બ્રહ્માકુમાર ભાઈ-બહેનો.